# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER




Year : 16 | Issue : 81 | Dt. 02-10-2026 | Page : 08 | Price : Rs 3
RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914
Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# દેશમાં આજે NO-UPI ડે

## દેશભરના વેપારીઓ નો-યુપીઆઈ-ડે મનાવી સરકાર સામે ઝુંબેશ શરૂ કરશે




નવી દિલ્હી, તા.૧

કેન્દ્ર સરકારના UPI વ્યવહારો પરના ખઉછ ચાર્જનો વેપારીઓ દ્વારા દેશવ્યાપી વિરોધ નોંધાવાશે. દિલ્હીમાં મળેલી બેઠકમાં ૧૭ રાજ્યોના વેપારી સંગઠનોએ ૨ ઓક્ટોબરે 'નો-ગ્ડઈ-ડે' મનાવી, સાંસદોને આવેદનપત્ર આપવાનું નક્કી કર્યું છે. ૧૦ ઓક્ટોબરે ધરણાં અને ૧૫ ઓક્ટોબરે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન કરાશે.

કાળી પટ્ટી ધારણ કરશે તથા પોતાના વિસ્તારોના સાંસદોને મળી ધરણા તથા વિરોધ પ્રદર્શન કરશેઃ દિલ્હીમાં મિટિંગ યોજાશે. કેન્દ્ર સરકારના યુપીઆઈના વ્યવહારો પર લાદવામાં આવેલા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટનો વિરોધ દેશવ્યાપી ધોરણે વેપારી વર્ગમાં વધ્યો છે. આ પગલાના વિરોધમાં વેપારીઓએ બીજી ઓક્ટોબરે સમગ્ર ભારતમાં નો-યુપીઆઈ-ડે (યુપીઆઈ વગરનો દિવસ) તરીકે મનાવવાનું નક્કી કર્યું હોવાનું ભારતીય ઉદ્યોગ વ્યાપાર મંડળના સૂત્રોએ જણાવ્યું હતું.

આ ઉદ્યોગ વ્યાપાર મંડળના વડપણ હેઠળ દેશભરના આગેવાન વિવિધ વેપારી સંગઠનોને સામિલ કરતી વિડીયો કોન્ફરન્સ મિટિંગ યોજવામાં આવી હતી તથા દેશભરના આશરે ૧૭ રાજ્યોના વેપારી સંગઠનો દ્વારા કેન્દ્ર સરકારના આ પગલાંનો સખત વિરોધ કરવામાં આવ્યો હતો તથા બીજી ઓકટોબરે નો-યુપીઆઈ-ડે તરીકકે મનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનુ વેપારી સંગઠનોના સૂત્રોએ જણાવ્યું હતું. બીજી ઓકટોબરે વેપારી સંગઠનો મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરીને સરકાર વિરુદ્ધ ઝુંબેશનો આરંભ કરનાર છે. આ ઉપરાંત દરેક રાજ્યોના વેપારી સંગઠનો પોતાના વિસ્તારમાં સંસદ સભ્યોને આવેદન પત્ર આપી વેપારીઓની નારાજગી સરકાર સુધી પહોંચાડવા રજૂઆત કરશે.

દરમિયાન, ૧૦મી ઓકટોબરે દેશવ્યાપી ધોરણે વેપારીઓ પોતાના રાજ્યોમાં તથા શહેરોમાં ધરણાઓ યોજીને સરકાર સમક્ષ વિરોધ પ્રદર્શન કરશે તથા ૧૫મી ઓકટોબરે કાળા દિવસ તરીકે વેપારીઓ ફરી નો-યુપીઆઈ-દિવસ તરીકે મનાવી એમડીઆર ચાર્જ સામે જોરદાર વિરોધ નોંધાવશે એવું વિવિધ વેપારી સંગઠનોના સૂત્રોએ જણાવ્યું હતું. જો કે મોબાઈલ રિટેઈલર્સ એસોસિએશન જેવા એકાદ બે સંગઠનોએ આ વિરોધમાં ભાગ ન લેવાનો નિર્ણય લીધો છે.

### ફલાઈ-દુબઈની ફલાઈટને હાઈજેકથી બચાવનાર

# ભારતીય પાયલોટ સ્મિત ઉપર દુનિયા ઓળ-ઘોળ

## મુર્મુ, મોદી, ટ્રમ્પ, નેત ન્યાહુ જેવા રાષ્ટ્ર પ્રમુખોથી શરૂ કરી સામાન્ય જન સહિત સૌએ બિરદાવ્યા

નવી દિલ્હી, તા.૦૧

ગુજરાત માટે ગર્વની વાત છે કે એક ગુજરાતી પાયલોટ સ્મિત મચ્છરે બુધવારે યુએઈથી ઇઝરાયલ જઇ રહેલી ફલાઇટમાં તેના કો-પાયલોટે છરીથી હુમલો કર્યો હોવા છતાં લોહી લુહાણ હાલતમાં પણ ફલાઇ-દુબઈ વિમાનને સઉદી-અરબના ઉત્તર પશ્ચિમનાં એરપોર્ટ ઉપર ઇમર્જન્સી લેન્ડીંગ કરાવી વિમાનમાં રહેલા ૧૮૦ મુસાફરો અને ૪ ક્રૂ મેમ્બર્સ મળી ૧૮૪ના જાન બચાવી લીધા હતા. આ વિમાનમાં મોટાભાગના તો ઈઝરાયલીઓ જ હતા. સૌથી પહેલા ઇઝરાયલ વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ તેમને બિરદાવ્યા હતા.



આ માહિતી મળતાં રાષ્ટ્રપતિ મુર્મુએ તેઓને શાબાશી આપતાં તેઓને ભારતના એક સપુત તરીકે બિરદાવ્યા હતા. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ તેઓની તારીફ કરતાં સ્મિત મચ્છરને સાચા હીરો કહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સ્મિત મચ્છરની બહાદૂરીની પ્રશંસા કરી હતી. તેમજ તેમના પત્ની તથા માતા-પિતા સાથે પણ વાતચીત કરી તેઓને કહ્યું હતું કે સ્મિત મચ્છરની બહાદુરી માટે ગુજરાતને ગર્વ છે.સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ કેપ્ટન મચ્છરની પ્રશંસા કરી હતી. જયારે ગુજરાતના મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, તમારા જેવા બહાદુર ગુજરાતીની બહાદુરી પરથી સ્મિત મચ્છરને અભિનંદનો આપ્યા હતા.અત્યારે સ્મિત મચ્છરની સઉદી અરબમાં સારવાર ચાલી રહી છે. તેમનાં કુટુંબીજનો ત્યાં પહોંચી ગયા છે. ઇઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂએ તો સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે વાસ્તવમાં ફલાય-દુબઈની તે ફલાઇટને હાઈજેક કરવાનું આ કાવતરૃં હતું અને પછીથી તે પ્લેન ઉડાડી મુકવાની પણ સાજીશ હોઇ શકે કારણ કે તેમાં લગભગ તમામ પ્રવાસીઓ ઇઝરાયલીઓ જ હતા. દુનિયાભરના પ્રસાર માધ્યમોમાં આ સમાચારો પ્રસિદ્ધ થયા છે.

### પુણેના આળંદીથી પ્રવાસે આવેલા ૮ વિદ્યાર્થીઓ દરિયામાં નહાતી વખતે ઊંડા પાણીમાં ડૂબી જતા મૃત્યુ

# દિવેઆગર બીચ ૮ વિદ્યાર્થીને ગળી ગયો

નવી દિલ્હી, તા.૧

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના દિવેઆગર બીચ પર ગુરુવારે એક કરુણ દુર્ઘટના બની હતી. પુણેના આળંદીથી પ્રવાસે આવેલા ૮ વિદ્યાર્થીઓ દરિયામાં નહાતી વખતે ઊંડા પાણીમાં ડૂબી જવાથી મૃત્યુ પામ્યા હતા. ૪૨ વિદ્યાર્થીઓના ગ્રૂપમાંથી ૮ વિદ્યાર્થીઓ ઊંચા મોજાં અને પાણીના પ્રવાહમાં ફસાઈ ગયા હતા. સ્થાનિક લોકો અને બચાવ ટીમે તમામ મૃતદેહોને બહાર કાઢ્યા હતા.મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં આવેલા પ્રખ્યાત દિવેઆગર બીચ પર ગુરુવારે એક કરુણ દુર્ઘટના સર્જાઈ હતી. દરિયામાં નહાવા ગયેલા પુણેના આળંદી વિસ્તારના ૮ વિદ્યાર્થીઓનું ઊંડા પાણીમાં ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યું છે. પ્રાઈવેટ ટ્યુશન ક્લાસ તરફથી પ્રવાસ માટે આવેલા આ તમામ વિદ્યાર્થીઓ અચાનક ઊંચા મોજાં અને પાણીના જોરદાર પ્રવાહની ઝપેટમાં આવી ગયા હતા.



મળતી વિગતો મુજબ, આળંદી સ્થિત ધોરણ ૧૧ અને ૧૨ના કુલ ૪૨ વિદ્યાર્થીઓ દિવેઆગર ફરવા માટે આવ્યા હતા. આ દરમિયાન ગ્રૂપમાંથી ૮ વિદ્યાર્થીઓ દરિયામાં નહાવા માટે ઉતર્યા હતા. પાણીમાં ઉતર્યાના થોડા જ સમયમાં પાણીનું સ્તર ઝડપથી વધી ગયું અને જોરદાર મોજાં ઉછળવા લાગ્યા હતા, જેના કારણે જોતજોતામાં તમામ ૮ વિદ્યાર્થીઓ દરિયાના ઊંડાણમાં ગરકાવ થઈ ગયા હતા.

દુર્ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો અને સ્થાનિક રાહત-બચાવ ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. મહાકાલી વોટર સ્પોર્ટ્સના કર્મચારીઓ અને સ્થાનિક નાગરિકોની મદદથી બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ભારે જહેમત બાદ દરિયામાંથી તમામ ૮ વિદ્યાર્થીઓના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા અને તેમને બોરલી પંચતન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલવામાં આવ્યા છે.

સ્થાનિક બચાવ દળના જણાવ્યા મુજબ, દિવેઆગર બીચ સુંદર અને શાંત હોવાથી મોટી સંખ્યામાં પર્યટકો અહીં આવે છે. જોકે બહારથી આવતા પ્રવાસીઓને દરિયાની વાસ્તવિક ઊંડાઈ અને ભરતી-ઓટના સમયનો યોગ્ય અંદાજ હોતો નથી. અચાનક ઊંચા ઉછળેલા મોજાંના કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક તારણ છે. હાલ પોલીસ અને વહીવટી તંત્ર સાથે આવેલા શિક્ષકો અને અન્ય વિદ્યાર્થીઓની પૂછપરછ કરી વધુ વિગતો મેળવી રહ્યું છે.

# રશિયન સેનામાં જોડાવું મોતને આમંત્રણ!

## ભારત સરકારની કડક ચેતવણી, મંત્રાલયે કહ્યુ- આ જોખમી અને જીવલેણ બની શકે

નવી દિલ્હી, તા.૧

રશિયન સેનામાં ભારતીય નાગરિકોની ભરતી થઈ રહી હોવાના અહેવાલો વચ્ચે, ભારત સરકારે ફરી એકવાર કડક ચેતવણી જારી કરી છે. વિદેશ મંત્રાલય(MEA)એ ભારતીય નાગરિકો માટે રશિયન સેનામાં જોડાવા અંગે નવી એડવાઇઝરી જાહેર કરી છે અને તેને 'જોખમી અને જીવલેણ માર્ગ' ગણાવ્યો છે.

વિદેશ મંત્રાલય દ્વારા 30 સપ્ટેમ્બરે જારી કરાયેલા નિવેદન અનુસાર, છેલ્લા બે વર્ષ દરમિયાન સરકારે અનેક વખત ભારતીય નાગરિકોને રશિયન સેનામાં થઈ રહેલી ભરતી સાથે સંકળાયેલા ગંભીર જોખમો અંગે ચેતવણી આપી છે. આ ઉપરાંત, સરકારે વિદેશમાં રોજગારીની તકો શોધતી વખતે અત્યંત સાવચેતી રાખવાની અને વેરિફાઇડ ન હોય તેવા એજન્ટો અથવા બિનસરકારી સંસ્થાઓ દ્વારા આપવામાં આવતી નોકરીની ઓફરથી પણ સાવધ રહેવાની વારંવાર સલાહ આપી છે.




મંત્રાલયે જણાવ્યું કે, એવા અનેક કિસ્સાઓ અમારા ધ્યાનમાં આવ્યા છે, જેમાં કેટલાક લોકો રશિયન સશસ્ત્ર દળોમાં જોડાવા માટે સ્વેચ્છાએ ઓફર શોધી રહ્યા છે. તેઓ એવી સમજ ધરાવતા હોય છે કે, તેમને આ સાથે આર્થિક લાભ મળશે અને બાદમાં ભારત સરકારનો સંપર્ક કરીને રશિયન સેનામાંથી મુક્તિ મેળવી શકાશે. ફરી એકવાર સ્પષ્ટ કરવામાં આવે છે કે આ એક જોખમી માર્ગ છે અને સરકાર સખતપણે આવા પગલાં ન ભરવાની સલાહ આપે છે.

નિવેદનમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, એવા અનેક કિસ્સાઓ પણ સામે આવ્યા છે, જેમાં લોકોએ સ્વેચ્છાએ પોતાની ભારતીય નાગરિકતા છોડવા, રશિયન પાસપોર્ટ મેળવવા અને ત્યારબાદ રશિયન સેનામાં ભરતી થવા માટે ભારતીય અધિકારીઓનો સંપર્ક કર્યો છે. કેટલાક લોકોએ તો ટૂંકા ગાળાના આર્થિક લાભની લાલચમાં આવીને ભારતીય અધિકારીઓની સલાહ લીધા વિના જ આવું પગલું ભર્યું છે. લોકોને આવા પગલાંની ગંભીરતા સમજવા અને તેઓ પોતાને જે જીવલેણ જોખમમાં મૂકી રહ્યા છે તે અંગે વિચાર કરવાની સલાહ આપવામાં આવે છે. સરકાર ભારતીય નાગરિકોને આવા પગલાંથી દૂર રહેવાની સલાહ આપે છે.

વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, રશિયન સશસ્ત્ર દળોમાં સેવા આપી રહેલાં તમામ ભારતીય નાગરિકોની સુરક્ષા અને સુખાકારી સુનિશ્ચિત કરવા તેમજ તેમને શક્ય તેટલી વહેલી તકે ભારત પરત લાવવા માટે ભારત સરકાર રશિયન પક્ષ સાથે સતત સંપર્કમાં છે.

# ઈ-ચલણ ન ભરનાર વાહનો જપ્ત કરો : સુપ્રીમ

## ૨૩ હજાર કરોડનો ટ્રાફિક દંડ બાકી રાજ્યોને સુપ્રીમ કોર્ટનો આદેશ




નવી દિલ્હી, તા.૦૧

સુપ્રીમ કોર્ટે ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા સામે કડક વલણ અપનાવી, દેશભરમાં બાકી ૨૩,૦૧૯ કરોડના ઈ-ચલાન વસૂલવા રાજ્યોને આદેશ કર્યો છે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે બાકી દંડ ન ભરનારા વાહનોને જપ્ત કરવા અને પરિવહન પોર્ટલ પરની સેવાઓ સ્થગિત કરવા નિર્દેશ આપ્યો છે. RC રિન્યૂઅલ, PUC, ફિટનેસ જેવા કામો અટકાવાશે. અઈ ટેકનોલોજીનો ઉપયોગ થશે.

દેશભરમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા સામે સુપ્રીમ કોર્ટે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આદેશ આપ્યો છે કે, ટ્રાફિક પોલીસ અચાનક ગમે ત્યાં તપાસ હાથ ધરે અને જે વાહનોના ઈ-ચલણ લાંબા સમયથી બાકી હોય તેવા વાહનોને તાત્કાલિક જપ્ત કરે. જસ્ટિસ જે. બી. પારડીવાલા અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે આ કડક નિર્દેશ આપ્યા છે. કોર્ટના ધ્યાને આવ્યું કે સમગ્ર દેશમાં ૨૩ હજાર કરોડ રૂપિયા કરતાં વધુ રકમનો ટ્રાફિક દંડ વસૂલવાનો બાકી છે. કોર્ટમાં રજૂ કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, દેશભરમાં કુલ ૪૯,૧૯૪.૦૫ કરોડ રૂપિયાના ઈ-ચલણ જારી કરવામાં આવ્યા હતા, જેમાંથી વાહનચાલકોએ માત્ર ૨૬,૧૭૫.૦૫ કરોડ રૂપિયા જ ચૂકવ્યા છે, જ્યારે હજુ પણ ૨૩,૦૧૯ કરોડ રૂપિયાનો દંડ બાકી બોલે છે.

દંડ ન ભરનારા વાહનમાલિકો સામે સકંજો કસવા માટે સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય પરિવહન પોર્ટલ પરની સંબંધિત ડિજિટલ સેવાઓ તાત્કાલિક સ્થગિત કરવાનો આદેશ આપ્યો છે. જ્યાં સુધી જૂનો બાકી દંડ પૂરેપૂરો ભરપાઈ ન થાય ત્યાં સુધી સંબંધિત વાહનની નોંધણી પ્રમાણપત્ર (RC) રિન્યૂ કરવા, ડુપ્લિકેટ દસ્તાવેજો મેળવવા કે રહેઠાણનું સરનામું બદલવા જેવી સેવાઓ પર સંપૂર્ણપણે રોક લગાવી દેવામાં આવશે.

કોર્ટે પરિવહન વિભાગોને સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે નિયમભંગ કરનારા અને દંડ ન ભરનારા વાહનોને ફિટનેસ પ્રમાણપત્ર તેમજ પ્રદૂષણ નિયંત્રણ પ્રમાણપત્ર એટલે કે પીયુસી બિલકુલ આપવામાં ન આવે. આવા વાહનોને પરિવહન પોર્ટલ પર કાળી યાદીમાં મૂકી દેવામાં આવશે જેથી કોઈ પણ વ્યક્તિ તે વાહન વેચી કે માલિકી હક બદલી શકશે નહીં. આ ઉપરાંત, જે ચાલકો વારંવાર ટ્રાફિક નિયમોનો ભંગ કરતા પકડાશે તેમના ડ્રાઈવિંગ લાયસન્સ તાત્કાલિક સસ્પેન્ડ કરી દેવામાં આવશે.નિયમોના અમલીકરણમાં રહેલી ખામીઓ દર્શાવતા બેન્ચે નોંધ્યું કે અદાલતો મારફતે દંડ વસૂલવાની પરંપરાગત પદ્ધતિ હવે બિનઅસરકારક સાબિત થઈ રહી છે, કારણ કે બાકી કેસોનો ભરાવો ખૂબ મોટો થઈ ગયો છે. જ્યાં સુધી જમીની સ્તર પર કડક વસૂલાત વ્યવસ્થા ઊભી ન થાય ત્યાં સુધી લાખોની સંખ્યામાં આપમેળે જારી થતા ઈ-ચલણનો કોઈ ડર કે અસર રહેતી નથી.

ન્યાયાધીશોએ તમામ રાજ્ય પ્રશાસનોને કડક ચેતવણી આપી છે કે જો અદાલતના આ નિર્દેશો માત્ર કાગળ પર જ રહેશે, તો આદેશનું પાલન ન કરનારા સત્તાવાળાઓ સામે કોર્ટ આકરી કાર્યવાહી હાથ ધરશે. આ નિર્દેશ વર્ષ ૨૦૧૨થી માર્ગ સુરક્ષા સંદર્ભે સુપ્રીમ કોર્ટ સમક્ષ ચાલી રહેલી એસ. રાજશેખરન વિરુદ્ધ ભારત સરકારની જાહેર હિતની અરજી અંતર્ગત આપવામાં આવ્યા છે.

### AI ટેકનોલોજીથી ઓન લાઇન ડેશબોર્ડ કરાશે જાહેર

સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણને હાલની ઈલેક્ટ્રોનિક તપાસ વ્યવસ્થામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તા જોડવાનો આદેશ કર્યો છે. આ નવી પ્રણાલી કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૬૭અ(૩) હેઠળ આવતા ૧૨ ચોક્કસ ટ્રાફિક નિયમભંગોને આપમેળે પકડી પાડશે. સમગ્ર વ્યવસ્થામાં પારદર્શિતા જળવાય તે માટે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય એક જાહેર જાહેર ઓનલાઈન ડેશબોર્ડ શરૂ કરશે. આ વ્યવસ્થા દર મહિને અપડેટ થશે, જેમાં રાજ્યવાર કેટલા ઈલેક્ટ્રોનિક અમલીકરણ ઉપકરણો કાર્યરત છે અને પકડાયેલા ઉલ્લંઘનો સામે કેટલા ઈ-ચલણ બન્યા તેની સંપૂર્ણ વિગત જાહેર જનતા સમક્ષ મૂકવામાં આવશે.

### મૃત્યુ ક્યારે કેવી રીતે આવી જાય તે નક્કી નથી હોતું: બે કરૂણ ઘટનાથી અરેરાટી

# કુતરાને ભગાડતા પટકાયેલા વૃધ્ધનું મોત

## બીજી ઘટનામાં એક મહિલાને ખાનગી હોસ્પિટલમાં પગના ઓપરેશન માટે દાખલ કરાયા બાદ પરિવારજનોને મૃતદેહ સ્વરૂપે પાછા મળ્યા: મોતનું કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ

રાજકોટ, તા. ૦૧

મૃત્યુ ક્યારે અને કેવી રીતે થઇ જાય તેની કોઇને ખબર હોતી નથી. એક કિસ્સામાં એક વૃધ્ધ પોતાના ઘરની અગાસીએથી નીચે ઉતરતા હતાં ત્યારે દાદરા પર કુતરૂ આવી ગયું હોઇ તેને તગડવા જતાં બેલેન્સ ગુમાવતાં દાદરેથી નીચે પટકાતાં મૃત્યુ થયું હતું. બીજી ઘટનામાં એક મહિલાને પગના ઓપરેશન માટે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. પરંતુ અહિ ઇન્જેકશન અપાયા બાદ જીવ જતો રહ્યો હતો. બેદરકારીથી આમ થયું હોવાની શંકા ઉપજતાં પરિવારજનોએ મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો જુનાગઢમાં રહેતાં એક વૃધ્ધ અગાસીએથી નીચે ઉતરતાં હતાં ત્યારે દાદરા પર કૂતરૂ આવી ગયું હોઇ તેને તગડવા જતાં બેલેન્સ ગુમાવતાં દાદરેથી પટકાઇને બહાર શેરીમાં પડતાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. વિશેષ માહિતીઅનુસાર જુનાગઢમાં મધુરમ્ વિસ્તાર કામનાથનગરમાં રહેતાં નરસીભાઇ બેચરભાઇ ખોરશીયા નામના ઓગણસિત્તેર વર્ષના વૃધ્ધ ઓગણત્રીસમની સાંજે પાંચેક વાગ્યે ઘરે દાદરેથી લપસી જતાં બહાર શેરીમાં પટકાતાં ગંભીર ઇજા થતાં જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ આજે વહેલી સવારે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇગયો હતો.

બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જુનાગઢ પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર નરસીભાઇ બે બહેન અને સાત ભાઇમાં વચેટ હતાં અને નિવૃત એસટી કંડકટર હતાં. સંતાનમાં એક દિકરો છે. મોભીના મૃત્યુથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. જુનાગઢ પોલીસે રાજકોટ પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનુ પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. મોભીના મૃત્યુથી પરિવારજનોમાં શોક વ્યાપી ગયો હતો.





બીજી ઘટના જોઇએ તો શાપર વેરાવળમાં રહેતાં મહિલાને પગના ઓપરેશન માટે રાજકોટની દોઢસો ફુટ રોડ પરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા બાદ તેમને એનેસ્થેસીયાનું ઇન્જેક્શન અપાયા પછી બેભાન થઇ જતાં અન્ય હોસ્પિટલમાં ખસેડાયા બાદ સારવારમાં મૃત્યુ થતાં મુળ  જુનાગઢના ટોબરા ગામના સોરઠીયા પ્રજાપતિ પરિવારજનોમાં ગમગીની વ્યાપી ગઇ છે. મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પરિવારજનોએ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવડાવ્યું હતું.

ઘટનાની વિશેષ માહિતી અનુસાર  શાપર વેરાવળ શાંતિધામ-૨ શેરી નં. ૬માં રહેતાં ઇલાબેન શૈલેષભાઇ નેના  નામના ઓગણચાલીસ વર્ષના મહિલાને પગમાં દુ:ખાવો થતો હોઇ રાજકોટની દોઢસો ફુટ રોડ પરની હોસ્પિટલમાં ઓપરેશન માટે દાખલ કરાયા બાદ ત્યાંથી બેભાન હાલતમાં અન્ય ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ગત મોડી રાતે મૃત્યુ થતાં પરિવારજનમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ થતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

પણ સ્વજનોએ મોતનું ચોક્કસ કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવાની રજૂઆત કરતાં પોલીસે તે મુજબની કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ઇલાબેનને સંતાનમાં જુડવા દિકરો-દિકરી છે. પતિ શૈલેષભાઇ નેના કંપનીમાં નોકરી કરે છે. સગાએ જણાવ્યું હતું કે ઇલાબેનને પગમાં દુ:ખાવો થતો હોઇ રાજકોટની ખાનગી હોસ્પિટલમાં બતાવ્યું હતું. અહિ નિદાન સારવાર બાદ પગમાં ઓપરેશન કરાવવું પડશે તેમ કહેવાતાં અમે ઇલાબેનને અઠ્ઠાવીસમીએ સોમવારે સવારે દાખલ કર્યા હતાં. અહિ બપોરે તેમને એનેસ્થેસીયાનું ઇન્જેકશન અપાયું હતું. એ પછી તેઓ સાંજ સુધી ભાનમાં ન આવતાં રાતે અગીયારેક વાગ્યે બીજી ખાનગી હોસ્પિટલમાં રીફર કરાયા હતાં. અહિ સારવાર દરમિયાન ગત રાતે પોણા બાર પછી મૃત્યુ થયું હતું. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ પોલીસ આગળ તપાસ કરશે. પોતાના સ્વજન ગુમાવી દેનારા નેના પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી.

# રસ્તો ભટકી ગયેલા બે સગીર બાળકો મળી જતા હાંશકારો

## ગાંધીગ્રામ-૨(યુનિ)પોલીસે પરિવાર સાથે બાળકોનું કરાવ્યું મિલન




રાજકોટ, તા. ૦૧

ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશનમાં બે બાળકોના અપહરણ અંગેની ફરિયાદ નોંધાયા બાદ આ બંને બાળકો શાપર વેરાવળથી મળી જતા પોલીસે પારવાર સાથે બંને બાળકોનું મિલન કરાવ્યું હતું.

મળતી વિગતો મુજબ બે સગીર પુત્રો - સુરેશ (ઉ.વ. ૧૦ વર્ષ ૫ મહિના) અને દેવરાજ (ઉ.વ. ૮ વર્ષ ૫ મહિના) તા. ૨૯/૦૯/૨૦૨૬ ની સવારે ૦૭:૩૦ વાગ્યાની આસપાસ કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા અપહરણ કરાયા હોવાની આશંકા હતી. આ અંગે  પીઆઈ  કે.કે. ગોહીલ અને પીએસઆઈ આઇ.એ. બેલીમના નેતૃત્વ હેઠળ સર્વેલન્સ અને ચોકી સ્ટાફની અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. સતત પેટ્રોલિંગ, ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી ટીમને બાતમી મળી હતી કે બંને બાળકો શાપર ગામે છે. તાત્કાલિક ત્યાં પહોંચી તપાસ કરતા બંને બાળકો હેમખેમ મળી આવ્યા હતા. પૂછપરછમાં જાણવા મળ્યું કે તેઓ અજાણતા જ રસ્તો ભટકી ગયા હતા અને પરિવારથી વિખૂટા પડી ગયા હતા. પોલીસે સુરેશ રવીભાઇ વિકાણી અને દેવરાજ રવીભાઇ વિકાણીને પોલીસ સ્ટેશન લાવીને સ્વસ્થ અને સુરક્ષિત રીતે તેમના વાલી સાથે મિલાપ કરાવ્યો હતો. આ સફળ કામગીરી પાર પાડવામાં પીઆઈ કે.કે. ગોહીલ, પીએસઆઈ આઇ.એ. બેલીમ, હેડ કોન્સ્ટેબલ નિલેશભાઇ વાવેચા, મુન્નાભાઇ ઢાપા અને કિર્તેશભાઇ જરીયાનો સમાવેશ થાય છે.

### કાલાવડ રોડ રૂડાનગરમાં થયેલી ઘરોફોડી ઉકેલાઇ: આંતરરાજ્ય ચોરટા પકડાયા

# દિવસે રેકી કરી રાતે ચોરી કરતા બે ઝડપાયા

## યુનિવર્સિટી પોલીસ અને એલસીબી ઝોન-૨ ટીમે દહેરાદૂનથી બંનેને દબોચી લીધા

રાજકોટ, તા. ૦૧

પોલીસ ધારે તો ચોરને ગમે ત્યાંથી ગોતી લાવે. ચોર હોય કે પછી બીજા કોઇપણ ગુના કરીને ગુનેગાર ભાગ્યા હોય તે એકાદ દિવસે તો પકડાઇ જ જતાં હોય છે. આ વચ્ચે શહેરના કાલાવડ રોડ રૂડાનગર-૩ ઇસ્કોન મંદિર પાછળ રહેતાં ઇંટોના ધંધાર્થીના એક દિવસ માટે બંધ રહેલા મકાનના તાળા તોડી એંસી હજારથી વધુની માલમત્તાની ચોરી કરવામાં આવી હતી. આ ગુનાનો ભેદ એલસીબી ઝોન-૨ ટીમ અને યુનિવર્સિટી પોલીની ટીમે ઉકેલી દહેરાદૂનથી યુપીના બે આંતર રાજ્ય તસ્કરને પકડી લીધા છે. આ બંને દેહરાદૂનમાં પણ ચોરી કરવા જ ગયા હતાં. પણ ત્યાં હાથફેરો કરે એ પહેલા ઝડપાઇ ગયા હતાં. આ બંનેની ખાસીયત એ હતી કે તે બરોબર રાતે બે વાગ્યે જ ચોરી કરવા જતાં હતાં. આ સમયે મોટા ભાગના લોકો ઘોર નિંદ્રામાં હોઇ જેથી તે સમય પસદ કરતાં હતા.

વધુ માહિતી જોઇએ તો ગૂગલ મેપથી જે તે શહેર પસંદ કરી ટ્રેન મારફત એ શહેરમાં પહોંચી બાદમાં દિવસે રેકી કરી રાતે ચોરી કરી સવારે ટ્રેન પકડી પરત યુપી ભાગી જતાં હતાં. રૂડાનગર-૩માં બંધ મકાનમાં ચોરી થઇ હોઇ આ ગુનો ઉકેલવા ટીમો તપાસમાં હતી ત્યારે એલસીબી ઝોન-૨ ટીમને મહત્વની કડી મળી હતી કે આ ચોરીમાં સામેલ બે તસ્કર યુપીના વતની છે અને આંતરરાજ્ય ગુનેગાર છે. તેમજ હાલમાં તે દહેરાદૂન ખાતે ચોરી કરવા પહોંચ્યા છે. આ બાતમી બાદ ઉચ્ચ અધિકારીઓની




સુચનાથી ટીમના જવાનો પગેરૂ દબાવતાં દહેરાદૂન (ઉત્તરાખંડ) ખાતે પહોંચ્યા હતાં અને શોધખોળ કરી બંનેને પકડી લીધા હતા.

આ બંનેએ પુછતાછમાં પોતાના નામ નસીમ કયુભાઇ સૈફી (રહે. અખરોલી તા. ચંદોસી જી. શંભલ ઉત્તરપ્રદેશ) તથા દિપક જડુભાઇ જાટવ (રહે. અમાપ્તી તા. જી. સંભલ ઉત્તરપ્રદેશ) જણાવ્યા હતાં. આ બંનેની તલાશી લેતાં તેની પાસેથી રોકડ, ચાંદીના સિક્કા મળી રૂ. ૭૭૩૦૦ની માલમત્તા મળી આવતાં તે અંગે પુછતાછ થતાં રાજકોટમાં રૂડાનગર-૩માં ચોરી કર્યાનું કબુલતાં રાજકોટ લાવી વિશેષ કાર્યવાહી માટે યુનિવર્સિટી પોલીસને સોંપ્યા હતાં. આ બંને અગાઉ યુપી મુરાદાબાદ, લખનૌ, વારાણસીમાં ચોરીઓના આઠ ગુનામાં પકડાઇ ચુક્યા હતાં. આ બંને ગૂગલ મેપથી મોટા શહેરને સર્ચ કરતાં અને બાદમાં નક્કી કર્યા પછી ટ્રેન મારફત જે તે શહેરમાં પહોંચી જતાં હતાં.

આ પછી બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન આસપાસ હોટેલમાં રોકાઇ દિવસે બંધ મકાનની રેકી કરતાં અને રાતે બે વાગ્યે જે તે નક્કી કરેલા ઘરમાં ત્રાટકી ચોરી કરી વહેલી સવારે ટ્રેનમાં બેસી યુપી ભાગી જતાં હતાં. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી રાધિકા ભારાઇની રાહબરીમાં યુનિવર્સિટી પીઆઇ કે. કે. ગોહિલ, પીએસઆઇ એસ. એન. શ્યોરા, આર. એમ. સાખરા, એએસઆઇ જગમાલભાઇ ખટાણા, હેડકોન્સ. પ્રતાપસિંહ મોયા, ગોપાલસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ કાળુભા, દિવ્યરાજસિંહ સાવજુભા, જયંતિભાઇ રાઠોડ, કોન્સ. પ્રવિણભાઇ જતાપરા, વિરેન્દ્રસિંહ જાડેજા, કૃષ્ણદેવસિંહ  ગોહિલ, દિવ્યરાજસિંહ ટેમભા, પ્રાદિત્યસિંહ ઝાલા તથા એલસીબી ઝોન-૨ પીએસઆઇ એસ. વી. ચુડાસમા, એએસઆઇ જે. વી. ગોહિલ, હરપાલસિંહ જાડેજા, રાજેશભાઇ મિયાત્રા, હેડકોન્સ. ધર્મરાજસિંહ ઝાલા, શક્તિસિંહ ગોહિલ, સત્યજીતસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, કોન્સ. કુલદીપસિંહ રાણા, શિવભદ્રસિંહ ગોહિલ, મૈસુરભાઇ કુંભારવાડીયાએ આ કામગીરી કરી હતી.

# ટ્રાન્સપોર્ટમાં તસ્કરી કરનાર ઝડપાયો

## ક્રાઈમ બ્રાંચે ૭૦ હજાર સાથે ગોપાલ છગન બોળીયાને દબોચ્યો



રાજકોટ, તા.૧

ગોંડલ ચોકડી પાસેના ટ્રાન્સપોર્ટમાં ચોરી કરનાર  તસ્કર,  ગોકુલધામ પાસે આવેલી ગીતાંજલી સોસાયટીની શેરી નં. ૬ માં રહેતા ગોપાલ છગન બોળીયાને રેલ નગર અન્ડર બ્રીજ પાસેથી  ક્રાઈમ બ્રાંચે રોકડ ૭૦ હજાર સાથે દબોચી લીધો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોંડલ ચોકડી પાસે અલંગ હાઉસની બાજુમાં, મનિષ કાર્ગો નામની ટ્રાન્સપોર્ટ ઓફિસમાંથી રોકડની તસ્કરી આજથી નવેક દિવસ પહેલા બની હતી. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અને અન્ય ઉચ્ચ અધિકારીઓની મિલકત સંબંધી અન-ડિટેક્ટ ગુનાઓ શોધી કાઢવાની સૂચના અન્વયે ક્રાઇમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ ગોપાલભાઈ બોળીયા, રાહુલભાઈ ગોહેલ અને રાજેશભાઇ જળુને તસ્કરી કરનારની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે જામનગર રોડ પર આવેલા રેલનગર અંડર બ્રિજ પાસેથી શંકાસ્પદ હાલતમાં એક શખ્સને પકડી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન પકડાયેલા શખ્સે તેમનું નામ ગોકુલધામ પાસે આવેલી ગીતાંજલી સોસાયટીની શેરી નં. ૬ માં રહેતા ગોપાલ છગન બોળીયા હોવાનું અને ટ્રાન્સપોર્ટની ચોરી કબુલી હતી.

અંગજડતી દરમિયાન પોલીસે ગોપાલ પાસેથી રોકડ ૭૦ હજાર કબજે કરી હતી. ગોપાલની કબુલાત પરથી આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો  ઘરફોડ ગુનાનો ભેદ ઉકેલાઈ ગયો છે. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, ગોપાલ અગાઉનો ગુનાહિત ઈતિહાસ પણ ધરાવે છે. તેની સામે આજીડેમ પોલીસ સ્ટેશનમાં તેમજ તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનાઓ નોંધાયેલા છે. આકરી પુછપરછ દરમિયાને ગોપાલે પોપટ બનીને તસ્કરીમાં અન્ય બે શખ્સ સામેલ હોવાનું કબુલ્યું હતું. જેમાં ગોપાલના કહેવા મુજબ ગોંડલ ચોકડી ખાતે રહેતા અંકિત મહાદેવ વિકાણી અને ચંદુ ઉર્ફે અદુડો મનજી સાડમીયાનો સમાવેશ થાય છે. જે બંનેને વોન્ટેડ જાહેર કરીને, ગોપાલની ધરપકડ કરી બંનેની શોધખોળ આદરી છે. ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા શહેર ક્રાઇમ બ્રાન્ચના પીઆઈ એ.એસ.ચાવડા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવ તેમજ પીએસઆઈ વી.ડી.ડોડીયા અને સ્ટાફની ટીમ દ્વારા જહેમત ઉઠાવાઈ હતી.



# નવજાત બાળકીને નિષ્ઠુર જનેતાએ ત્યજી

રાજકોટ તા. ૦૧

કાલાવડ રોડ પર મુજબ વિરડા વાજડી નજીક નદી કાંઠે આશરે સાત દિવસ પહેલા જન્મેલી બાળકને કોઇએ ત્યજી દીધી હોઇ આ અંગેની જાણ કોઇ રાહદારી દ્વારા થતાં તુરત જ ૧૦૮ સાથે ઇએમટી મનિષાબેન પરમાર અને પાઇલોટ પહોંચી ગયા હતાં. તબિબે બાળકીને તપાસતાં શરીરનું તાપમાન યોગ્ય જણાયું નહોતું. તે રડતી પણ નહોતી. આથી તુરત જ બાળકીને સ્ટીમ્યુલેશન આપતાં તે રડવા માંડી હતી અને સ્થિતિમાં સુધારો થયો હતો. પ્રાથમિક સારવાર બાદ બાળકીને સારવાર માટે રાજકોટ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. બનાવની જાણ પોલીસને કરવામાં આવતાં આ નવજાત ફુલડા જેવી બાળકીને કોણ ત્યજી ગયું? તેની તપાસ હાથ ધરી હતી. પોતાનું પાપ છુપાવવા કોઇ જનેતા નિષ્ઠુર બની કે પછી અન્ય કોઇ મજબૂરી હતી? તેની તપાસ હવે પછી પોલીસ કરશે.

# મોચીનગરમાં ક્રાઈમ બ્રાંચ ત્રાટકી ૩૩૬ બોટલ સાથે એક ઝડપાયો

## રૂ.૪૦૨૪૦નો મુદ્દામાલ કબજે કરી અન્ય એકની શોધખોળ

રાજકોટ, તા.૧

મોચીનગર વિસ્તારમાં રહેણાંક મકાનમાં દરોડો પાડી શહેર ક્રાઈમ બ્રાંચની ટીમે ૩૩૬ બોટલ દારૂ અને મોબાઈલ સહિત ૪૦ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.  ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એ.એસ. ચાવડા,  એમ.એલ. ડામોર અને  સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પીએસઆઈ  વી.ડી. ડોડીયા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એ.એસ.આઈ. અમિતકુમાર અગ્રાવત, હેડ કોન્સ્ટેબલ ગોપાલભાઈ બોળીયા અને રાજેશભાઈ જળુને સંયુક્ત બાતમી મળી હતી કે,  રૈયા રોડ પર, હનુમાન મઢી પાસે, શિવપરા શેરી નં.૧ માં રહેણાંક મકાનમાં ગેરકાયદેસર દારૂનો જથ્થો છે.

બાતમીના આધારે શહેર ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર, સી.એચ. જાદવ, પી.એસ.આઈ. વી.ડી. ડોડીયા, એ.એસ. આઈ. અમીતભાઇ અગ્રાવત, દિગ્પાલસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ રાજેશભાઇ જળુ, પ્રદિપસિંહ જાડેજા, જયરાજભાઇ કોટીલા,



ધારાભાઈ વાનરીયા, રાહુલભાઈ ગોહેલ, ગોપાલભાઈ બોળીયા, વિજુભા જાડેજા તેમજ કોન્સ્ટેબલ રાજેશભાઈ પટેલ સહિતની ટીમે દરોડો પાડીને પોલીસે મોચીનગર શેરી નં.૨/૯ ના ખુણે, ગાંધીગ્રામ ખાતે રહેતા જાવેદ બસીર સોલંકીને પકડી પાડ્યો હતો.

પોલીસે સ્થળ પરથી ૩૦૨૪૦ની દારૂની ૩૩૬ બોટલ અને ૧૦નો મોબાઈલ મળી ૪૦૨૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ગુનામાં આ હનુમાન મઢી પાસે, હીરામનનગરમાં રહેતા  અરબાઝ શેખ નામના શખ્સનું નામ ખૂલતા તેમને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે જણાવ્યું હતું કે આરોપી જાવેદનો અગાઉનો ગુનાહિત ઈતિહાસ પણ છે. તેની સામે ૨૦૧૯માં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં દારૂનો ગુનો નોંધાયેલો છે. હાલ પોતે દારૂનો ધંધો કરે છે કે અન્ય બીજા કોઈ બુટલેગરો પણ સામેલ છે ? તેની વિગતો ઓકાવવા પોલીસે આકરી પૂછપરછ શરુ કરી છે.

### રાજ્યના ગરીબ અને જરૂરિયાતમંદ રેશનકાર્ડ ધારકોના હિત સાથે સીધો ખીલવાડ?

# રેશનિંગ વિતરણમાં ઘોર બેદરકારી

## સપ્ટેમ્બરનો જથ્થો છેક ૨૮ તારીખે પહોંચતા હાહાકાર, વિતરણની મુદત ૫ ઓક્ટોબર સુધી લંબાવવા ઉગ્ર માંગ

રાજકોટ, તા. ૦૧

રાજ્યના ગરીબ અને જરૂરિયાતમંદ રેશનકાર્ડ ધારકોના હિત સાથે સીધા ખીલવાડ સમાન કિસ્સો સામે આવ્યો છે. રાજકોટ સહિતના ૯થી વધુ જિલ્લાઓમાં જાહેર વિતરણ વ્યવસ્થા (ડ્ઉજ) હેઠળના સપ્ટેમ્બર માસના અનાજનો જથ્થો છેક તા. ૨૫થી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન ગોડાઉનો પર પહોંચ્યો હતો. પુરવઠા તંત્ર અને ઈજારદારોની ગંભીર મોડી કામગીરીના કારણે હજારો લાભાર્થીઓ હજુ સુધી પોતાના હક્કના અનાજથી વંચિત રહી જતાં ચોમેર દેકારો બોલી ગયો છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને ઓલ ગુજરાત ફેરપ્રાઈઝ એસોસિએશનના પ્રમુખ તથા મહામંત્રી હિતેન્દ્રસિંહ જાડેજાએ રાજ્યના પુરવઠા મંત્રીને ખાસ પત્ર પાઠવીને સપ્ટેમ્બર માસના અનાજ વિતરણની મુદત તાત્કાલિક તા. ૫ ઓક્ટોબર સુધી લંબાવવા અને છ્ઉ સુવિધા ચાલુ રાખવા માટે કડક આદેશ કરવાની માંગણી કરી છે.

એસોસિએશનના હોદ્દેદારોએ પુરવઠામંત્રીનું ધ્યાન દોરતા રજૂઆત કરી હતી કે રાજ્યમાં સપ્ટેમ્બર માસના અનાજના જથ્થાની ઈસ્યુ તથા વિતરણ કામગીરીમાં આ વખતે વ્યાપક વિલંબ થયો છે. ખાસ કરીને ડાંગ, ગીર સોમનાથ, દાહોદ, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, ભાવનગર, જૂનાગઢ અને મોરબી સહિતના જિલ્લાઓમાં તા. ૨૫ સપ્ટેમ્બર બાદ પણ અનાજનો જથ્થો ઈસ્યુ કરવામાં આવ્યો હતો, જ્યારે કેટલાક ગોડાઉનો પર તો તા. ૨૮ સપ્ટેમ્બર સુધી ઈસ્યુની પ્રક્રિયા ચાલી રહી હતી. એટલું જ નહીં, અનેક કિસ્સાઓમાં માત્ર ડિલિવરી ચલણ બનાવીને કાગળ પર ઈસ્યુ કામગીરી પૂર્ણ દર્શાવી દેવામાં આવી હતી, પરંતુ વાસ્તવિક રીતે જથ્થો ગોડાઉનમાંથી રવાના



કરવાની કામગીરી પાછળથી કરવામાં આવી હોવાનો પર્દાફાશ થયો છે. કાગળ પરની આ ચાલાકીના કારણે વાસ્તવિક જથ્થો રેશનિંગ દુકાનો સુધી સમયસર પહોંચી શક્યો નથી.

આ ઉપરાંત, સિસ્ટમમાં સર્વર અને ઈઈઉઈ સંબંધિત ટેકનિકલ ધાંધિયા સર્જાતા વિતરણની કામગીરી વધુ મનસ્વી અને ધીમી પડી ગઈ છે, જેના કારણે ગરીબ રેશનકાર્ડ ધારકોને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. નિયમ મુજબ રાજ્ય સરકાર દ્વારા ૪૫ દિવસની સાયકલ પ્રમાણે દર મહિને અગાઉથી જથ્થાની પરમિટ ફાળવવામાં આવે છે અને પરમિટ મળતા જ ઈસ્યુ શરૂ કરવાની આકરી આચારસંહિતા છે. છતાં, કેટલાક ઉર્જાઉ ઈજારદારો રાજ્ય સરકારની યોજનાનું ચલણ ભરાયા પહેલાં કામગીરી શરૂ કરતા નથી. કરાર મુજબ ઉપલબ્ધ જથ્થાનું ઈસ્યુ શરૂ કરવાની કાનૂની જવાબદારી હોવા છતાં, ગોડાઉન ખાતે તમામ વસ્તુઓનો જથ્થો ભેગો થાય ત્યાર બાદ જ ઈસ્યુ કરવાની મનસ્વી પદ્ધતિ અપનાવવામાં આવે છે.

ઉચ્ચ કક્ષાએથી સચિવશ્રી દ્વારા સતત સૂચનાઓ આપવામાં આવતી હોવા છતાં કેટલાક સ્થાનિક ઉખજ અધિકારીઓ આ બાબતે જરૂરી સંવેદનશીલતા કે ગંભીરતા દાખવતા નથી. આ વ્યાપક ગેરરીતિ અને વિલંબની સીધી અસર રાજ્યના હજારો નિર્દોષ અને જરૂરિયાતમંદ પરિવારો પર પડી રહી છે. આથી, ગરીબ રેશનકાર્ડ ધારકો પોતાના અધિકારના અનાજથી વંચિત ન રહી જાય તે માટે રાજ્ય સરકાર તાત્કાલિક ધોરણે સપ્ટેમ્બર માસના વિતરણની મુદત ૫ ઓક્ટોબર સુધી લંબાવે અને તમામ સુવિધાઓ કાર્યરત રાખે તેવી ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે.

### 30 વર્ષ જૂના કાર્યકરોના અન્યાયની આક્રોશભરી ચર્ચા : વોટ્સએપ મેસેજ વાયરલ

# ભાજપમાં જ શિક્ષણ સમિતિની પસંદગી સામે મોટો ભડકો



રાજકોટ, તા. ૦૧

રાજકોટ મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિમાં ૧૧ સભ્યોની તાજેતરમાં કરાયેલી પસંદગી બાદ શાસક પક્ષ ભાજપમાં આંતરિક અસંતોષનો મોટો વિસ્ફોટ થયો છે. શહેરના વોર્ડ નંબર ૨ના ભાજપ (જનરલ) નામના સોશિયલ મીડિયા ગ્રુપમાં શરૂ થયેલી વાતચીત જોતજોતામાં પક્ષના મોવડીમંડળ અને સંગઠનની નબળાઈઓ સામે આકરા પ્રહારોમાં ફેરવાઈ ગઈ હતી. આ ગ્રુપમાં સ્થાનિક ધારાસભ્ય પણ જોડાયેલા હોવા છતાં, કાર્યકરોએ પક્ષની શિસ્તની પરવા કર્યા વગર પોતાના દિલનો ઉભરો ઠાલવ્યો હતો. વાતચીતની શરૂઆત સ્વચ્છતા ઝુંબેશથી થઈ હતી, પરંતુ ટૂંક સમયમાં જ તે શિક્ષણ સમિતિની પસંદગીમાં થયેલા અન્યાય તરફ વળી ગઈ હતી.

કાર્યકરોએ ખુલેઆમ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે અઢી થી ત્રણ દાયકા સુધી પક્ષ માટે રાત-દિવસ એક કરનારા અને શિક્ષણ ક્ષેત્રે યોગદાન આપનારા જૂના જોગીઓની ધરાર અવગણના કરવામાં આવી છે. શિક્ષણ સમિતિમાં સભ્યપદ માટે ફોર્મ ભરવા છતાં પણ નિષ્ઠાવાન કાર્યકરોની કદર કરવામાં આવી નથી. ચર્ચા દરમિયાન એક કાર્યકરે કંટાળીને એવો સવાલ પણ ઉઠાવ્યો હતો કે જો પક્ષમાં જ અન્યાય થતો હોય તો પાર્ટી બદલવાનું વિચારી શકાય? જેની સામે અન્ય કાર્યકરે એવો જવાબ આપ્યો હતો કે પાર્ટી બદલી ન શકાય પરંતુ તેને છોડી જરૂર શકાય. ચેટમાં એવો ગંભીર આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો કે ભાજપમાં હોદ્દો જોઈતો હોય તો મૂળ કાર્યકર્તા તરીકે ઘસાવાને બદલે પહેલા કોંગ્રેસ અથવા આમ આદમી પાર્ટીમાં કામ કરવું પડે, કારણ કે પક્ષમાં મોટા ભાગના મહત્વના હોદ્દાઓ અન્ય પાર્ટીમાંથી આવેલા 'આયાતી' લોકોને જ આપવામાં આવી રહ્યા છે.

આ સિવાય, મહિલા કાર્યકરો અને અન્ય સભ્યોએ સીધો જ સંગઠન પર નિશાનો સાધતા કહ્યું હતું કે શહેર પ્રમુખ પોતે વોર્ડ નંબર ૨ના હોવા છતાં તેમના જ વોર્ડમાંથી એકપણ સભ્યનો સમિતિમાં સમાવેશ કરવામાં આવ્યો નથી, જે સંગઠનની ખુલ્લી નબળાઈ દર્શાવે છે. કાર્યકરોએ નિરાશા વ્યક્ત કરતા ઉમેર્યું હતું કે જે લોકોએ વોર્ડમાં કોઈ કામ જ નથી કર્યું તેમને હોદ્દાઓની લહાણી થઈ રહી છે અને હાલમાં રાજકોટ સાચે જ 'નેતા વિહોણું' ગામ બની ગયું છે. દિલથી કામ કરનારા કાર્યકરો ભારે દુઃખી થયા છે અને અંતે 'આમાં કોઈ ફેર પડવાનો નથી, માથાફોડ મૂકો, અંધેર નગરી ને ગંડુરાજા' જેવો આકરા ઉકળાટ ઠાલવીને પોતાની ભડાશ કાઢી હતી.

# શાપરમાં વીજ કરંટથી બે યુવાનના મોત

## મૃતકો કોઠારિયાના : ગેટ ફિટ કરતી વખતે ક્રેન હાઈટેન્શન લાઈનને અડકતા બન્યો બનાવ : ક્રેનચાલકનો આબાદ બચાવ

રાજકોટ, તા.૧

શાપર-વેરાવળ પંથકમાં એક અત્યંત હૃદયદ્રાવક દુર્ઘટના સામે આવી છે. શાપરથી રીબડા સાઇડ પર આવેલા ન્યારા પેટ્રોલ પંપ અને રીબડા પાણીના ટાંકા વચ્ચેના કાચા રોડ પર હિતેશભાઈના એક નિર્માણાધીન કારખાનામાં શેડનો ગેટ ફિટ કરવાની કામગીરી ચાલી રહી હતી. ત્યારે ગેટ ફીટ કરતી વખતે વીજ કરંટથી બે યુવાનોના મોત થતા અરેરાટી સાથે શોક વ્યાપ્યો છે.





પ્રાપ્ત વિગતો અનુસાર, આજે ગુરૂવારે સાંજે પોણા છ વાગ્યાની આસપાસ રીબડાની 'શિવ ક્રેન' ની મદદથી આ ગેટ ફિટ કરવામાં આવી રહ્યો હતો. આ કામગીરી દરમિયાન ઉપરથી પસાર થતી જીવલેણ હાઈટેન્શન વીજલાઇન ક્રેન અથવા ગેટના સંપર્કમાં આવી ગઈ હતી. જેના કારણે ભારે વીજશોક લાગતા બે યુવકો ગંભીર રીતે ઝપેટમાં આવી ગયા હતા અને કરંટ લાગવાથી ઘટનાસ્થળે જ તેમના પ્રાણપંખેરું ઉડી ગયા હતા. આ અકસ્માતમાં ક્રેનચાલકનો આબાદ બચાવ થયો હતો. મૃતકોમાં કોઠારીયા (રાજકોટ) ખાતે રહેતા ૩૫ વર્ષીય હિરેનભાઈ અરવિંદભાઈ રાઠોડ અને ૩૮ વર્ષીય દિપેશભાઈ હરિભાઈ હરસોડાનું મોત નીપજ્યું હોવાની વિગતો મળી છે. મૃતક હિરેનભાઈ તેમની માતાના એકના એક દીકરા હોવાથી તેમના અકાળ અવસાનથી વૃદ્ધ માતા પર દુઃખનો મોટો પહાડ તૂટી પડ્યો છે. જ્યારે દિપેશભાઈના પરિવારમાં માતા, પિતા અને પત્ની પાછળ વિલાપ કરતા છૂટી ગયા છે. આશાસ્પદ યુવાનોના અચાનક ચાલ્યા જવાથી સમગ્ર પંથકમાં અને બંને પરિવારોમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું છે.

આ ગોઝારી ઘટનાની જાણ થતા જ શાપર-વેરાવળ પોલીસ મથકનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે પ્રાથમિક કાર્યવાહી કરી બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે શાપર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યા છે. હાલ પોલીસે આ અકસ્માત મામલે આગળની કાયદેસરની તજવીજ હાથ ધરી છે. આ ઉપરાંત નિર્માણાધીન સાઇટ પર સલામતીના પૂરતા પગલાં લેવાયા હતા કે કેમ તે દિશામાં પણ પોલીસે પોતાની તપાસ કેન્દ્રિત કરી છે.

### પ્રખ્યાત બજારના રિનોવેશન મુદ્દે RMC પદાધિકારીઓનો વેપારીઓ સાથે સીધો સંવાદ

# લાખાજીરાજ માર્કેટ બંધ થતા વેપારીઓ મુશ્કેલીમાં

## કામગીરી ઝડપથી પૂર્ણ કરવા અને વૈકલ્પિક સુવિધાઓ આપવા મનપાનો દાવો

રાજકોટ, તા. ૦૧

રાજકોટના હૃદયસમા જૂબિલી વિસ્તારમાં આવેલી પ્રખ્યાત લાખાજીરાજ માર્કેટના રિનોવેશનની કામગીરી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી છે. માર્કેટના આધુનિકીકરણ અને સુધારણા અર્થે હાલ પૂરતું બજાર બંધ રાખવામાં આવ્યું છે, જેના પગલે સ્થાનિક વેપારીઓને રોજીરોટી અને ધંધા-રોજગારને લઈને વિવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વેપારીઓની આ પ્રશ્નો અને સમસ્યાઓને ગંભીરતાથી લઈને આજે રાજકોટ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પરેશભાઈ પીપળીયા, શાસક



પક્ષ નેતાશ્રી ડો. હિરેનભાઈ ખીમાણીયા, શાસક પક્ષ દંડકશ્રી સંજયસિંહ રાણા તેમજ મનપાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા માર્કેટની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.

આ સ્થળ મુલાકાત દરમિયાન પદાધિકારીઓ અને અધિકારીઓએ માર્કેટના વેપારીઓ સાથે સીધો સંવાદ સાધીને તેમની રજૂઆતો અને સમસ્યાઓ સાંભળી હતી. બજાર બંધ રહેવાથી વેપારીઓને પડતી આર્થિક અડચણો તેમજ રિનોવેશન દરમિયાન નડતી વ્યવહારિક તકલીફો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.પદાધિકારીઓએ ખાતરી આપી હતી કે રિનોવેશનની કામગીરી કોઈ પણ વિલંબ વગર સુચારુ રીતે આગળ વધે અને આ સમયગાળા દરમિયાન વેપારીઓને શક્ય તેટલી વધુ સગવડ મળી રહે તે માટે તંત્ર કટિબદ્ધ છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ વેપારીઓ તેમજ ગ્રાહકોને વધુ સુવિધાયુક્ત, આધુનિક અને સુવ્યવસ્થિત બજાર પ્રાપ્ત થશે તેવા ઉદ્દેશ્ય સાથે મનપા દ્વારા ઝડપી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### શહેરી વિસ્તારોમાં સાફસફાઈના અભાવ તેમજ જનજાગૃતિના અભાવે મચ્છરોનો ફેલાવો ઝડપથી વધે

# મચ્છર-પાણીજન્ય રોગચાળા સામે RMCનું 'હાઈટેક' અભિયાન

## ડ્રોન-AI સર્વેલન્સથી ૮,૨૯૮ મચ્છર ઉત્પત્તિ સ્થળો શોધ્યાઃ ૪૧૦ને નોટિસ

રાજકોટ, તા. ૦૧

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા શહેરમાં મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા સહિતના મચ્છરજન્ય તેમજ પાણીજન્ય રોગચાળાના અસરકારક નિયંત્રણ અને અટકાયત માટે સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છર મુખ્યત્વે દિવસના સમયે કરડતા હોવાથી અને મચ્છરનું જીવનચક્ર ખૂબ ટૂંકું હોવાથી શહેરી વિસ્તારોમાં સાફસફાઈના અભાવ તેમજ જનજાગૃતિના અભાવે મચ્છરોનો ફેલાવો ઝડપથી વધતો હોય છે. આ જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા રાજકોટ મનપા દ્વારા પરંપરાગત પદ્ધતિઓની સાથે આધુનિક ટેકનોલોજીનો સમન્વય કરીને સર્વગ્રાહી કામગીરી કરવામાં આવી રહી છે.

વાહકજન્ય રોગ નિયંત્રણ અંતર્ગત તા. ૨૪ સપ્ટેમ્બર થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ફિલ્ડવર્કર, ખર્ડ્ઈઠ અને અર્બન આશા બહેનો દ્વારા શહેરના કુલ ૧,૯૧,૫૮૭ ઘરોમાં પોરાનાશક કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ ઉપરાંત, મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારો, સોસાયટીઓ, જાહેર રસ્તાઓ અને વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા સ્થળોએ ૬૯૫ ઘરોમાં હેન્ડ ફોગીંગ તેમજ વહિકલ માઉન્ટેડ ફોગીંગ મશીન દ્વારા ધુમાડો છોડવાની કામગીરી કરવામાં આવી છે. રોગચાળા અટકાયતના ભાગરૂપે રહેણાંક સિવાયના ૫૩૨ કમર્શિયલ પ્રીમાઈસીસ જેવા કે બાંધકામ સાઈટ, શાળા, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્સ, ભંગારના ડેલા, સેલર અને સરકારી કચેરીઓમાં મચ્છર ઉત્પત્તિ અંગે કડક તપાસ હાથ ધરાઈ હતી. નિયમભંગ બદલ મનપાના બાયલોઝ હેઠળ રહેણાંક વિસ્તારના ૩૧૮ અને કમર્શિયલ વિસ્તારના ૯૨ મળી કુલ ૪૧૦ આસામીઓને નોટિસ ફટકારી વહીવટી ચાર્જ વસૂલવાની કાર્યવાહી કરાઈ છે.

મચ્છરજન્ય રોગોના નાશ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત આધુનિક ડ્રોન ટેકનોલોજી અને અંઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત સર્વેલન્સ સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી છે. શહેરના કુલ ૧૬૧.૮૫ ચો.કિ.મી. વિસ્તાર પૈકી વોર્ડ નં. ૧, ૩, ૪, ૫, ૧૧, ૧૩ અને ૧૮ માં મળી અત્યાર સુધીમાં ૭૨.૬૪ ચો.કિ.મી. વિસ્તારમાં ડ્રોન સર્વે પૂર્ણ કરી દેવાયો છે. ડ્રોન સર્વે દરમિયાન પાણી ભરાયેલા અને સંભવિત મચ્છર ઉત્પત્તિ ધરાવતા કુલ ૮,૨૯૮ સ્થળો શોધી કાઢવામાં આવ્યા છે. જ્યાં પરંપરાગત રીતે દવાનો છંટકાવ કરવો મુશ્કેલ કે જોખમી હતો, તેવા વોકળા, નદીના પટ અને ખાબોચિયા જેવા સ્થળોએ ડ્રોન દ્વારા કુલ ૧૦૩ કલાક સુધી જંતુનાશક દવાનો છંટકાવ કરાયો છે. તેમજ શોધી કાઢવામાં આવેલા સ્થળો પૈકી ૩,૫૮૧ સ્થળો પર ક્ષેત્રીય કર્મચારીઓ દ્વારા રૂબરૂ પહોંચીને સોર્સ રિડક્શન અને પોરાનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે.



# તુષારભાઈ કામ ઉકેલો

## નાઈટ પેટ્રોલિંગ ઉપરાંત સમસ્યાઓના ઉકેલ જરૂરી



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ‘‘સ્વચ્છતા હી સેવા‘‘ અભિયાન અંતર્ગત કિશાનપરા અને રેસકોર્સ રોડ સહિતના વિસ્તારોમાં સફાઈ કામગીરી અંગે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ નાઈટ પેટ્રોલિંગ ચાલુ કર્યું છે. તંત્ર દ્વારા એવી જાહેરાત પણ કરવામાં આવી છે કે જાહેરમાં ગંદકી ફેંકનારા લોકોના ફોટા અને નામ હવે સાર્વજનિક બોર્ડ પર પ્રદર્શિત કરાશે. શહેરમાં સ્વચ્છતા જાળવવાના દાવો સાથે હાથ ધરાયેલી આ કસરત સામે હવે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. માત્ર રાત્રિના સમયે પેટ્રોલિંગ કરવાથી કે દેખાડા પૂરતી કડકાઈ દર્શાવવાથી શહેરની મૂળભૂત સમસ્યાઓ હલ થતી નથી. રાજકોટના નાગરિકો ઈચ્છે છે કે તંત્ર દ્વારા માત્ર પ્રચાર જ નહીં તમામ મુશ્કેલીઓનો કાયમી અને નક્કર નીવેડો લાવવામાં આવે.

હાલમાં રાજકોટ શહેર ગંદકીના સામ્રાજ્ય, ગેરકાયદે દબાણો અને પાણી વિતરણની અનિયમિતતા જેવી ગંભીર સમસ્યાઓથી ઘેરાયેલું છે. મહાપાલિકા કમિશનર બુલેટ પર સવારી કરીને માત્ર સીન જમાવવામાં અને સોશિયલ મીડિયા કે અખબારોમાં પ્રસિદ્ધિ મેળવવામાં જ વ્યસ્ત રહે છે. આ પ્રકારે રાઉન્ડ મારીને ફોટોશૂટ કરાવવાથી કે માત્ર સપાટી પરની કામગીરી કરવાથી પ્રજાના પાયાના પ્રશ્નો ક્યારેય ઉકેલાતા નથી. ગ્રાઉન્ડ ઝીરો પર વહીવટી તંત્ર પાસે સ્પષ્ટ કે નક્કર આયોજનનો ભારે અભાવ જોવા મળે છે. ઠેરઠેર કચરાના ઢગલા, રખડતા પશુઓ અને ટ્રાફિકને નડતરરૂપ દબાણોને કારણે નાગરિકો ત્રાહિમામ પોકારી ગયા છે. માત્ર દંડ વસૂલવાથી કે બોર્ડ પર નામ ચડાવવાથી વ્યવસ્થામાં સુધારો આવવાનો નથી.

આ પરિસ્થિતિમાંથી શહેરને બહાર લાવવા માટે માત્ર સરકારી અધિકારીઓ જ નહીં, પરંતુ સ્થાનિક નેતાગીરીએ પણ એટલી જ ગંભીરતા દાખવવી પડશે. નેતાઓએ લોકપ્રિયતા મેળવવાના સ્ટંટ છોડીને પરિણામલક્ષી કામ તરફ પૂરતું ફોકસ કરવું અત્યંત જરૂરી છે. જ્યાં સુધી કચરા નિકાલનું યોગ્ય પ્લાનિંગ, પીવાના પાણીનો નિયમિત પુરવઠો અને દબાણ હટાવવાની કાયમી યોજનાઓ ઘડીને તેનો કડક અમલ કરવામાં નહીં આવે, ત્યાં સુધી પ્રજાની સમસ્યાઓનો અંત આવશે નહીં. પ્રજાના ટેક્સના પૈસાથી ચાલતું વહીવટી માળખું માત્ર શોભાના ગાંઠિયા સમાન બની રહે તે યોગ્ય નથી. મહાપાલિકાએ નાટક બંધ કરીને જનતાના હિતમાં ગંભીરતાપૂર્વક કામ કરવું જ પડશે.

# જ્ઞાનેશ કુમારને ઘેરવાની તૈયારીઓ શરૂ

## કેરળ કોંગ્રેસ સરકારે ૨૦ વર્ષ જૂનો આત્મહત્યા કેસ ફરીથી ખોલ્યો, ગૃહ વિભાગે ફાઈલ માંગી

નવીદિલ્હી, તા. ૧

સમગ્ર વિપક્ષ હાલમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને ઘેરવામાં વ્યસ્ત છે. તેમની વિરુદ્ધ બધે વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. રેલીઓ થઈ રહી છે, પોસ્ટરો લગાવવામાં આવી રહ્યા છે, તેમના પુતળા બાળવામાં આવી રહ્યા છે અને તેમના રાજીનામાની માંગણીઓ કરવામાં આવી રહી છે. આ બધા વચ્ચે, કેરળમાંથી બહાર આવતા સમાચાર વધુ ચોંકાવનારા છે. કેરળમાં કોંગ્રેસ સરકાર જ્ઞાનેશ કુમાર સામે ૨૦ વર્ષ જૂના આત્મહત્યા કેસને ફરીથી ખોલવાની તૈયારી કરી રહી છે. કેરળ ગૃહ વિભાગે ૨૦ વર્ષ પહેલાં મલેશિયન એન્જિનિયરની આત્મહત્યા સંબંધિત ફાઈલો માંગી છે. તેમણે (કેરળ ગૃહ વિભાગ) ૨૦૦૬ માં વિજિલન્સ અને ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રાથમિક તપાસમાંથી ફાઈલો માંગી છે. તે સમયે, જ્ઞાનેશ કુમાર કેરળમાં જાહેર બાંધકામ વિભાગના સચિવ તરીકે પોસ્ટ કરવામાં આવ્યા હતા. CEC સામે આ કાર્યવાહી એવા સમયે કરવામાં આવી છે જ્યારે ઈન્ડિયા બ્લોક SIR માં કથિત ગેરરીતિઓ અંગે જ્ઞાનેશ કુમાર સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે. કોંગ્રેસ દેશભરના લગભગ એક ડઝન રાજ્યોમાં તેમની વિરુદ્ધ વિરોધ પ્રદર્શનોનું નેતૃત્વ કરી રહી છે. કોંગ્રેસનો આરોપ છે કે SIR માં ગેરરીતિઓ થઈ છે. જ્ઞાનેશ કુમાર ચૂંટણી પંચમાં મનમાનીથી કામ કરી રહ્યા છે.




તત્કાલીન નાણામંત્રી અને સીપીએમ નેતા ટી.એમ. થોમસ આઈઝેક દ્વારા સોશિયલ મીડિયા પોસ્ટ બાદ આ ૨૦ વર્ષ જૂનો મામલો ફરી ચર્ચામાં આવ્યો છે. તેમણે પોતાની પોસ્ટમાં ૨૦૦૬ના કેસનો ઉલ્લેખ કર્યો. આઈઝેકે યાદ કર્યું કે મલેશિયન અધિકારી લી બીન સીનની સુસાઈડ નોટમાં તત્કાલીન સચિવ (પીડબ્લ્યુડી) જ્ઞાનેશ કુમારનું નામ પણ હતું. હકીકતમાં, લગભગ ૨૦ વર્ષ પહેલાં, મલેશિયન સિવિલ એન્જિનિયર લી સી બીને આત્મહત્યા કરી હતી. ત્યારબાદ, વિજિલન્સ અને ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ આ મામલાની પ્રાથમિક તપાસ શરૂ કરી હતી.

જ્ઞાનેશ કુમાર તે સમયે તે વિભાગના સચિવ હતા. લી સી બીન કેરળ રાજ્ય પરિવહન પ્રોજેક્ટ હેઠળ એમસી રસ્તાઓનું સમારકામ કરી રહેલા ઈન્ડો-મલેશિયન જૂથ PATI-BEL ના ચીફ પ્રોજેક્ટ મેનેજર હતા. તેમણે કુઆલાલંપુરમાં આત્મહત્યા કરી હતી. આઈઝેકના જણાવ્યા અનુસાર, સુસાઈડ નોટમાં જણાવાયું હતું કે સરકારી અધિકારીઓએ તેમના બિલ પસાર કરવામાં અવરોધ ઉભો કર્યો હતો. સુસાઈડ નોટમાં ૧૯૯૮ બેચના IAS અધિકારી જ્ઞાનેશ કુમારનું નામ પણ હતું. તેમાં પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચારનો પણ ઉલ્લેખ હતો. તેમનું નામ સામે આવ્યા પછી, જ્ઞાનેશ કુમારને જાહેર બાંધકામ વિભાગ (PWD) માંથી ટ્રાન્સફર કરવામાં આવ્યા. ત્યારબાદ તેઓ કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયમાં ગયા. આ મૃત્યુથી મોટો વિવાદ થયો. તત્કાલીન સરકારે વિજિલન્સ તપાસનો આદેશ આપ્યો, જે કોઈ નિષ્કર્ષ પર પહોંચવામાં નિષ્ફળ ગયો. હાલમાં, CPM જ્ઞાનેશ કુમારનો જોરશોરથી વિરોધ કરી રહ્યું છે.

કેરળમાં, શાસક પક્ષ અને વિપક્ષ બંને જ્ઞાનેશ કુમારનો વિરોધ કરી રહ્યા છે. તાજેતરમાં, કેરળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા, પિનરાઈ વિજયને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની માંગ કરી હતી. તેમણે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ને રોકવાની પણ હાકલ કરી હતી. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, પિનરાઈએ લખ્યું, ‘‘મતદાર નોંધણી, કાઢી નાખવા અને SIR સંબંધિત નિર્ણયો પર બે ચૂંટણી કમિશનરો દ્વારા વાંધાના ઉભરતા અહેવાલો ચૂંટણી પંચની કામગીરી પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.‘‘ તો સૌથી મોટો પ્રશ્ન એ છે કે બે દાયકા પહેલા બંધ થયેલી ફાઈલને ફરીથી ખોલવી એ સ્પષ્ટપણે દર્શાવે છે કે ભૂતકાળના પાનાઓને વર્તમાન રાજકીય યુદ્ધમાં હથિયાર તરીકે ઉપયોગ કરી શકાય છે. કેરળમાં સળગેલી આ ચિનગારી ફક્ત તે પ્રદેશ સુધી મર્યાદિત રહેશે નહીં; તેની ગરમી આગામી વિધાનસભા ચૂંટણીઓને પણ અસર કરી શકે છે.

# ડોનાલ્ડ ટ્રમ્પને આ વર્ષે પણ નોબેલ શાંતિ પુરસ્કાર નહીં મળે

## ઈઝરાયલ, કંબોડિયા અને પાકિસ્તાન જેવા દેશોએ ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર માટે નોમિનેટ કર્યા



નવીદિલ્હી, તા. ૦૧

આ વર્ષે ડોનાલ્ડ ટ્રમ્પને પણ નોબેલ શાંતિ પુરસ્કાર નહીં મળે. તેનું મુખ્ય કારણ અમેરિકાનું ઈરાન સાથેનું યુદ્ધ છે, જેનાથી લાખો લોકો પ્રભાવિત થયા છે. નોબેલ સમિતિ ટ્રમ્પના કટ્ટર વિરોધી એવા વ્યક્તિને શાંતિ પુરસ્કાર આપવાની તૈયારી કરી રહી છે. ૨૦૨૫ માં, વેનેઝુએલાના માચાડોને નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. પુરસ્કાર મેળવ્યા પછી, માચાડોએ ટ્રમ્પને તે પુરસ્કાર આપ્યો, જેનાથી નોબેલ સમિતિને શરમ આવી. રોઈટર્સના જણાવ્યા અનુસાર, ટ્રમ્પને આ વર્ષે પણ નોબેલ શાંતિ પુરસ્કાર નહીં મળે. સૂત્રોને ટાંકીને રોઈટર્સે જણાવ્યું હતું કે નોબેલ સમિતિ વિચારી રહી છે કે શું આ પુરસ્કાર આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતને આપી શકાય.

૯ ઓક્ટોબરે નોબેલ શાંતિ પુરસ્કારની જાહેરાત થવાની છે. આ બાબતે નોબેલ સમિતિમાં ચર્ચા ચાલી રહી છે. વિશ્લેષકો માને છે કે, ડોનાલ્ડ ટ્રમ્પ ઉપરાંત, પોપ લીઓ, આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત ટ્રિબ્યુનલ, પેલેસ્ટિનિયન પ્રદેશો પર યુએનના વિશેષ સંવાદદાતા અને ફ્રાન્સેસ્કા અલ્બેનીસ આ વર્ષે નોબેલ શાંતિ પુરસ્કાર માટે સૌથી આગળ છે. કંબોડિયા, ઈઝરાયલ અને પાકિસ્તાને ટ્રમ્પને ૨૦૨૫ ના નોબેલ શાંતિ પુરસ્કાર માટે નામાંકિત કર્યા હતા. છેલ્લી ઘડી સુધી ટ્રમ્પને ૨૦૨૫ નો નોબેલ પુરસ્કાર મળવાની અપેક્ષા હતી, પરંતુ તે માચાડોને આપવામાં આવ્યો હતો.

ઓસ્લો ઈન્સ્ટિટ્યૂટ ફોર પીસ રિસર્ચના કાર્યકારી ડિરેક્ટર હાકોન ગેર્લો કહે છે કે સમિતિ એવા ઉમેદવારની પસંદગી કરવામાં ખૂબ કાળજી રાખશે જે પુરસ્કાર પ્રાપ્ત કર્યા પછી ટ્રમ્પના દબાણનો સામનો કરી શકે. હાકોન કહે છે કે ટ્રમ્પને આ વખતે નોબેલ પુરસ્કાર મળી રહ્યો નથી. તેથી, અમેરિકન રાષ્ટ્રપતિ ચોક્કસપણે જે પણ પ્રાપ્ત કરે છે તેના પર દબાણ લાવશે. આપણે આ પહેલા પણ જોયું છે. નિષ્ણાતો માને છે કે આ વર્ષનો નોબેલ પુરસ્કાર ટ્રમ્પના કટ્ટર વિરોધીને આપવામાં આવી શકે છે, જે સંદેશ આપે છે કે લોકશાહી અને શાંતિ હજુ પણ નોબેલ પુરસ્કાર માટે જરૂરી છે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલના ડિરેક્ટર કરીમ હેગગ માને છે કે પોપ રેસમાં આગળ છે. પોપ લીઓએ સતત ટ્રમ્પ વહીવટ અને યુદ્ધ સામે અવાજ ઉઠાવ્યો છે. એકંદરે, નોબેલ શાંતિ પુરસ્કાર અંગેનો નિર્ણય જે પણ હોય, તે સંભવતઃ યુએસ પ્રમુખ ટ્રમ્પની આસપાસ ફરશે.

### અમદાવાદ બ્લાસ્ટ કેસ

# સુપ્રીમ કોર્ટે દોષિત અબુ બરેલવીની સજા પર રોક લગાવી

## હાઈકોર્ટના ચુકાદાને પડકાર્યો : પડકારતી અરજી પર નોટિસ



નવીદિલ્હી, તા. ૧

૨૦૦૮ના અમદાવાદ શ્રેણીબદ્ધ વિસ્ફોટ કેસમાં મૃત્યુદંડની સજા પામેલા ગુનેગાર અહેમદ બાવા અબુ અબુબકર બરેલવીની અરજી પર સુપ્રીમ કોર્ટે નોટિસ જારી કરી હતી. આ અરજી ગુજરાત હાઈકોર્ટના તેમના દોષિત ઠેરવવા અને મૃત્યુદંડની સજાને સમર્થન આપવાના નિર્ણયને પડકારે છે. વકીલે જસ્ટિસ વિક્રમ નાથની બેન્ચને જણાવ્યું હતું કે, ‘‘મને ફક્ત કાવતરાના આધારે દોષિત ઠેરવવામાં આવ્યો છે. ગુજરાતના ચુકાદાના અનુવાદ માટે પણ અરજી દાખલ કરવામાં આવી છે. ટ્રાયલ કોર્ટના દસ્તાવેજો સ્થાનિક ભાષામાં છે.‘‘ જસ્ટિસ નાથે કહ્યું, ‘‘ઠીક છે, સજાના અમલ પર રોક લગાવવામાં આવશે; હાલ પૂરતો નોટિસ જારી કરો.‘‘ ગુરુવારની સુનાવણી દરમિયાન, બરેલવીના વકીલે ગુજરાત હાઈકોર્ટના નિર્ણયની અનુવાદિત નકલની પણ વિનંતી કરી હતી. તેમણે સમજાવ્યું કે ટ્રાયલ કોર્ટના રેકોર્ડ ગુજરાતીમાં હતા.

અમદાવાદ શ્રેણીબદ્ધ વિસ્ફોટ ૨૬ જુલાઈ, ૨૦૦૮ ના રોજ થયા હતા, જ્યારે શહેરના વિવિધ ભાગોમાં અનેક વિસ્ફોટ થયા હતા. આ વિસ્ફોટોમાં ૫૬ લોકો માર્યા ગયા હતા અને ૨૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. ગુજરાતની એક ખાસ અદાલતે ફેબ્રુઆરી ૨૦૨૨ માં આ કેસમાં ૪૯ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે તેમાંથી ૩૮ ને મૃત્યુદંડ અને ૧૧ ને આજીવન કેદની સજા ફટકારી હતી, જ્યારે ૨૮ અન્યને નિર્દોષ જાહેર કર્યા હતા. ત્યારબાદ ગુજરાત હાઈકોર્ટે દોષિતો સામેની અપીલો અને રાજ્યની પુષ્ટિ કાર્યવાહી પર સુનાવણી કરી હતી. જુલાઈ ૨૦૨૬ માં, હાઈકોર્ટે ૩૮ આરોપીઓની દોષિતો અને મૃત્યુદંડને સમર્થન આપ્યું હતું. બરેલવીએ તે નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.

હાઈકોર્ટે દોષિતોની બધી અપીલો ફગાવી દીધી હતી અને ફેબ્રુઆરી ૨૦૨૨ ના ખાસ અદાલતના ચુકાદાને સમર્થન આપ્યું હતું, જેમાં ૩૮ ઈખ સભ્યોને મૃત્યુદંડ અને અન્ય ૧૧ ને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. રાજ્ય સરકારે મૃત્યુદંડની પુષ્ટિ માંગી હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે ૩૮ આરોપીઓના ગુનાહિત ઈતિહાસ અને ભૂમિકાઓ સાબિત કરે છે કે તેઓએ આતંકવાદી કૃત્ય કર્યું હતું જેના માટે મૃત્યુદંડની જરૂર હતી.

# સુપ્રીમે TMCના ૪ બેંક ખાતાઓ પર આપ્યો ચુકાદો

## ટીએમસીના બેંક ખાતાઓને ચલાવવાની માંગને ફગાવતું સુપ્રીમ

નવીદિલ્હી, તા. ૦૧

સુપ્રીમ કોર્ટે તૃણમૂલ કોંગ્રેસને તેના બેંક ખાતા ફ્રીઝ કરવાના કેસમાં રાહત આપવાનો ઈનકાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે પાર્ટીના ફ્રીઝ કરેલા બેંક ખાતાઓ ચલાવવાની પરવાનગી માંગતી ટીએમસીની અરજી ફગાવી દીધી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ચૂંટણી પંચે પાર્ટીના ચૂંટણી પ્રતીક ફ્રીઝ કરી દીધા હોવાથી, હવે તેણે નક્કી કરવું પડશે કે ખાતાઓ ચલાવવાનો અધિકાર કોની પાસે છે. કોર્ટે કોલકાતા હાઈકોર્ટના વચગાળાના આદેશમાં દખલ કરવાનો ઈનકાર કર્યો હતો અને હાઈકોર્ટને આ મામલામાં ઝડપથી નિર્ણય લેવા કહ્યું હતું. સુનાવણી દરમિયાન, કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ખાતાઓમાં કથિત મોટી રકમ જમા કરાવવા અને તપાસનો ઉલ્લેખ કર્યો હતો. ટીએમસીનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે દલીલ કરી હતી કે ચૂંટણી પંચનો આદેશ ફક્ત નામ અને ચૂંટણી પ્રતીક સંબંધિત છે, અને બેંક ખાતાઓના સંચાલનને સંબોધિત કરતો નથી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે તે કોલકાતા હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલી વચગાળાની વ્યવસ્થામાં દખલ કરશે નહીં. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટને આ મામલાનો ઝડપથી નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો હતો.

આ જ વિવાદમાં, કલકત્તા હાઈકોર્ટે અગાઉ એક ખાસ અધિકારીની નિમણૂક કરી હતી, જેમણે પક્ષને તેના રોજિંદા ખર્ચ પર મર્યાદિત નાણાકીય નિયંત્રણ આપ્યું હતું. આ વિવાદ પશ્ચિમ બંગાળના બળવાખોર ટીએમસી ધારાસભ્ય વિશ્વનાથ દાસ દ્વારા દાખલ કરાયેલી ફરિયાદથી શરૂ થયો હતો. ૧૮ જૂન, ૨૦૨૬ ના રોજ, બિધાનનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે કથિત ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાંથી ભંડોળ ટીએમસીના ચોક્કસ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, પોલીસે એફઆઈઆર દાખલ કરી અને બેંક ખાતાઓ ફ્રીઝ કરી દીધા. કોર્ટના રેકોર્ડ અનુસાર, એફઆઈઆરમાં આઈટી એક્ટની કલમ ૬૬ઈ અને ૬૬ઉ સાથે બીએનએસની ઘણી કલમો લાગુ કરવામાં આવી હતી. ત્યારબાદ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પણ આ મામલે ECIR દાખલ કરી હતી. બેંક ખાતા ફ્રીઝ કર્યા પછી, ટીએમસીએ કોલકાતા હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, અને દલીલ કરી હતી કે ફ્રીઝ તેના રોજિંદા વહીવટી અને કાનૂની ખર્ચ પર અસર કરી રહ્યું છે. જુલાઈમાં, કોલકાતા હાઈકોર્ટે ત્રણ ખાતાઓની મર્યાદિત ઍક્સેસ આપી હતી.

આ માટે, કોર્ટે કોલકાતા હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ સુબ્રત તાલુકદારને ખાસ અધિકારી તરીકે નિયુક્ત કર્યા હતા. આ વ્યવસ્થા હેઠળ, પક્ષના અધિકૃત અધિકારીઓ દ્વારા પક્ષના ચેક પર સહી કર્યા પછી, ખાસ અધિકારીની દેખરેખ હેઠળ ચુકવણી કરવામાં આવતી હતી. જોકે, ઊઉની કાર્યવાહીએ મામલો વધુ જટિલ બનાવ્યો. કોલકાતા હાઈકોર્ટના આદેશ બાદ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મની લોન્ડરિંગ તપાસના ભાગ રૂપે પક્ષ સાથે જોડાયેલા ત્રણ ખાતાઓ પણ ફ્રીઝ કરી દીધા.

આનાથી પક્ષને સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવો પડ્યો. ટીએમસીએ દાવો કર્યો હતો કે તે તેના નિયમિત ખર્ચાઓ પણ પૂરા કરવામાં અસમર્થ છે. વકીલ કપિલ સિબ્બલે જણાવ્યું હતું કે ચૂંટણી પંચના ૧૭ સપ્ટેમ્બરના આદેશમાં બેંક ખાતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી... તે આદેશ ચૂંટણી પ્રતીક મુદ્દા સાથે સંબંધિત હતો... અમે જાળવી રાખીએ છીએ કે અમે ખાતાઓ ચલાવી શકતા નથી... મની લોન્ડરિંગ આ કેસનો વિષય નથી. વરિષ્ઠ વકીલ કે. પરમેશ્વરે પણ કોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે પક્ષને તેના સામાન્ય ખર્ચ ઉપરાંત વધારાના ખર્ચ માટે ભંડોળની જરૂર છે. કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટમાં ખાતાઓ ફ્રીઝ કરવાનો બચાવ કર્યો. ફરિયાદ અને તપાસનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે પક્ષના એક અધિકારીના અંગત સહાયક (પીએ) સાથે સંકળાયેલા કેસમાં ₹૩૫ કરોડ રોકડ જમા કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યું કે સુમિત રોયે આ કેસમાં આગોતરા જામીન માટે કોર્ટમાં અરજી કરી છે. કેન્દ્ર સરકારે એમ પણ કહ્યું કે એજન્સીઓ આ મામલાની તપાસ કરી રહી છે.



### સોલાર પેનલના ધંધા માટે નાણા લીધા અને વ્યાજકંવાદની જાળમાં આવી લપેટાઇ ગયો

# દસ સામે બાર દીધા, તો'ય ૨૪ લાખ વ્યાજ માંગી ધમકી

### જેટકોના લાઇનમેન યુવાનની એફઆઇઆર પરથી ધોરાજી પોલીસે તપાસ શરૂ કરી



રાજકોટ તા. ૦૧

વ્યાજખોરીનો બનાવોમા વધુ એક કિસ્સો ઉમેરાઇ ગયો છે. જેમાં જીઇબીનો કર્મચારી ફસાઇ જતાં ચોવીસ લાખ માંગી ધમકી અપાઇ હતી. દસ ટકે લીધેલા દસ લાખ સામે સાડાબાર લાખ દીધા તો ય હજી વ્યાજખોર ચોવીસ લાખ માંગી છરીના ઘા મારી દેવાની ધમકી આપતો હતો.

વિગતો જોઇએ તો ધોરાજીના માતાવાડી પ્લોટમાં રહેતા જેટકોમાં આસી. લાઇનમેન તરીકે નોકરી કરતા રાજકુમાર વસંતરાય વૈષ્ણવ નામના સાડત્રીસ વર્ષના યુવાનએ ૧૦ ટકા વ્યાજે લીધેલા ૧૦ લાખની સામે ૧૨.૫૦ લાખ વ્યાજ ચુકવવા છતા વ્યાજખોર રમેશ દાનાભાઇ વાઘમશી (રહે. જમનાવડ, તા.ધોરાજી)એ રૂા.૨૪ લાખની માંગણી કરી છરીના ઘા ઝીંકી દેવાની ધમકી આપ્યાની ધોરાજી સીટી રાજકુમાર વૈષ્ણવ પોલીસને જણાવ્યુ કે, આરોપી રમેશ વાઘમશીને તે એકાદ વર્ષથી ઓળખે છે. આરોપીના ઘરે સોલાર પેનલ ફીંટીગ કરવાની હોવાથી કરી હતી.

થોડા સમય બાદ આરોપી તેનુ લાઇટબીલ ભરવા જતા તેણે'મારે સોલાર પેનલના ધંધા માટે ચાર પાંચ લાખની જરૂરીયાત છે કહેતા આરોપીએ 'હું પૈસા વ્યાજે આપવાનો ધંધો કરૂ છું' તમારે ૧૦ ટકા લેખે વ્યાજ આપવું પડશે તેમ જવાબ આપતા તેને હા પાડી હતી. જેથી આરોપીએ પાંચ લાખ જેમાંથી ૫૫હજારના એક મહિનાના વ્યાજના અગાઉ કહી ૪.૪૫ લાખ આપ્યા હતા આ સમયે આરોપીએ તેની પાસે સિક્યુરિટી તરીકે સહિવાળા કોરા ચેક આપેલ હતા થોડા સમય બાદ ફરી પૈસાની જરૂરીયાત ઉભી થતા તેણે આરોપી પાસેથી પાંચ લાખ જેમાંથી એક મહિનાનું વ્યાજ અગાઉથી કાપી ૪.૫૦ લીધા હતા.

આમ આરોપીએ ૧૦લાખ માંથી રૂા. ૧.૦૫ લાખ કાપી રૂા. ૮.૯૫ લાખ આપ્યા હતા. જેની સામે તેણે આારોપીને કટકે-કટકે ૧૨.૫૦ લાખ વ્યાજ ચુકવ્યુ હતું. પરંતુ ત્યારબાદ તે વ્યાજ નહી આપી શકતા આરોપીએ વ્યાજ સહિત રૂા.૨૪ લાખ આપવા પડશે તેમ વાત કરતા તેણે વ્યાજના પૈસા વધારે આપી શકુ તેમ નથી કહેતા આરોપીએ તું હવે બે દિવસમાં પુરી મારી વ્યાજ સાથેની રકમ આપ, નહીતર તારા મકાન .પર હું કબ્જો કરી લઇશ અને જોતુ રકમ નહી આપે તો હું ચેક બાઉન્સ કરાવીશ તેમ ધમકી આપી હતી.

ત્યારબાદ તેણે વ્યાજની રકમ આપવાનું બંધ કરતા આરોપીએ ઉઘરાણી ચાલુ કરી ગાળો આપી છરીના ઘા ઝીંકી મારી નાખવાની ધમકી આપવા લાગ્યો હતો ગઇ તા.૨૫ના તે નકોરી પર હતા ત્યારે આરોપીએ ત્યાં ઘસી જઇ તારૂ કામ છે બહાર આવી જા નહીતર જોયાજેવી થશે. તેમ કહેતા ડરી જઇ તે ઓફિસ બહાર નિકળ્યા ન હતા. બપોરે આરોપીએ ફોન કરી તેને બ્લુસ્ટાર સીનેમા પાસે બોલાવતા તે ત્યાં જતા ફરી તુ મારા વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં કોઇ ફરીયાદ કરતો નહી જો કરીશ તો તને જાનથી મારી નાશીખ જો જે ખોવાઇ જઇશ કાંઇ આડુ અવળુ કર્યુ છે તો કહી ધમકી આપી હતી. બાદમાં ત્રાસી ફરીયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે તપાસ શરૂ કરહીત.

### સોની કામ કરતાં યુવાન સાથે ઠગાઇ થઇ ગઇઃ જસદણના શખ્સની શોધખોળ

# બેંકમાંથી દાગીના છોડાવવાના નામે દસ લાખનો લગાવ્યો ચૂનો

### બે મહિનાની ઓળખાણ હોઇ દાગીના છોડાવવા મદદ માંગી એ શખ્સ કળા કરી ગયોઃ દાગીના ન છોડાવે તો બેંક દ્વારા હરરાજી થઇ જવાની બીક હતીઃ ઠગાઇ થઇ ને માથે જતાં ધમકી પણ મળી

રાજકોટ તા. ૦૧

અલગ અલગ ઠગાઇના બનાવો સતત બનતા રહે છે. હવે બેંકમાંથી ઘરેણા છોડાવવાના નામે દસ લાખનુ ફ્રોડ થયું હતું. જસદણનાં અંબીકાનગરમાં ન્યાય મંદિર વાળી શેરીમાં રહેતાં અને સોની કામ કરતાં હાર્દિપભાઇ રસીકભાઇ ઘોરડા નામના યુવાનને ફાયનાન્સ બેંકમાંથી ઘરેણા છોડાવી આપવાના નામે અભીલવ ખાચર ઉર્ફે લાલા (રહે. ધાધલ શેરી, બાવાન ચોક, જસદણ)એ રૂા. દસ લાખની રકમ બેંકમાં ભરાવી જાણ બહાર દાગીના છોડાવી લઇ જઇ છેતરપીંડી કરી લીધી હતી. તેમજ માથે જતાં જાનથી મારી નાખવાની ધમકી પણ દીધી હતી.



વિગતો જોઇએ તો આ બનાવમાં એફઆઇઆર દાખલ કરાવતાં હાર્દિપભાઇએ ફરીયાદમાં જણાવ્યુ કે હું આરોપીને બે મહીનાથી ઓળખું છું. ગઇ તા. ૧૨/૦૮/૨૦ ૨૬ ના હું રાજકોટ સોની કામ તથા બેંક કામ માટે રાજકોટ ગયેલ હતો ત્યારે સાંજના પાચેક વાગ્યાની આસપાસ મારા મોબાઈલ નંબરથી ફોન આવેલ અને કહેલ કે જસદણથી અ ભિલવ ઉર્ફે લાલો બોલુ છુ અને મને વાત કરેલ કે જસદણ આઈ.આઈ.એફ.એલ ગોલ્ડ લોન ફાઇનાન્સ માં ૧૩૧ ગ્રામ સોનુ પડેલ છે જે સોનાના દાગીના છોડાવવા મારી પાસે હાલે પૈસા નથી અને વ્યાજ પણ ભરાતુ નથી જો વ્યાજ સમયસર નહી ભરવામાં આવે તો લોન વાળા સોનાની હરાજી કરી નાખશે જેથી તમે કઈ રસ્તો કરી આપો, જેથી મે કહેલ કે હું હાલે રાજકોટ છુ અને સવારે આવીને બેંક જઈ સોનાના દાગીના જોયા બાદ તમને આગળ વાત કરશે.

આ પછી તેરમી ઓગષ્ટના હું જસદણ ખાતે આવેલ અને આ અભિલવને બેંક ખાતે મળેલ બાદમાં બન્ને બેંકના મેનેજરને મળેલ સોનાના દાગીના ૧૩૧ ગ્રામ વજનના હતા, જેના ઉપર ૧૪,૦૫,૦૦૦ નો બોજો હતો તેમજ લાલાને મેનેજરે કહેલ આજે છેલ્લી મુદત છે નહીતર આ દાગીનાની હરાજી કરી નાખવામાં આવશે. જેથી લાલાએ મને કહેલ કે તમે સોનાના દાગી ના છોડાવી વેંચાણ માટે રાખો તેમ કહી મને લાલચ ઓપેલી મે મારા એકાઉન્ટ માંથી બેંકની લીંક મારફતે ૧૦,૦૦,૦૦૦ રૂપીયા જમા કરાવેલ હતા અને બાકીના ૪,૦૫,૦૦૦ જમા કરાવવા સારૂ મે લાલાભાઈને બીજા દિવસે પૈસાનું ક હેલ હતુ જેથી તેણે સહમતી આપેલ હતી. ત્યારબાદ તા. ૧૪/૦૮/૨૦૨૬ ના થો જે મે લાલાલને ટેકસ મેસેઝ કરી બેંક ખા તે બોલાવેલ મહંતુ ઘણો સમય રાહ જોયેલ પરંતુ લાલોભાઈ આવેલ નહી બાદ શની, રવીના દિવસોમાં મે આ અભિલવ ઉ ફે લાલાભાઈને મેસેઝ કરેલ, પરંતુ લાગેલ નહી અને ફોન લાગતો ન હતો. આ પછી હું સોમવારે બેંક ખાતે ગયેલ તો મેનેજરે આજે રજા પર હતા, જેથી ફોન કરી વાત કરેલ કે તમારી હાજરીમાં ૧૦,૦૦,૦૦૦ રૂપીયા લીંક મારફતે જમા કરાવેલ છે તો મારા વગર આ લાલાભાઈનું ગોલ્ડ રિલીઝ કરતા નહી, જયારે આવે ત્યારે મને જાણ કરજો તા.૨૦/૦૮/૨૦૨૬ ના સ. જે હું ફાઇનાન્સ બેંક ખાતે રૂબરૂ ગયેલ તો મેનેજર હાજર હતા.

જેથી મે તેમને કહેલ કે જે સોનાના દાગીનામાં ૧ ૦ લાખ રૂપીયા ભરેલ છે તે મુદ્દો મને બતાવો જેથી મેનેજરે તેમના સ્ટાફને અભિલવ ખાચરના સોનાના દાગીના બતાવવા સારૂ બોલાવે તો એક શીગ/મેડેમ આવેલ અને જણાવેલ કે અભિલવ ખાચર તેમના ઘરેણા છોડાવી ગયેલ છે અને લોન ક્લોઝ કરેલ છે જેથી મે મેનેજર ને કહેલ કે તમે મને બાંહેધરી આપેલ હતી કે તમારા વગર ઘરેણા ન હી છોડુ જેથી તેઓએ કહેલ કે હું રજા પર ગયેલ અને ઓડીટ આવેલ જે દરમ્યાન આ લાલો ઘરેણા છોડાવી ગયેલ છે. બાદ મે લાલને ફોન કરી આ બાબતે પુછપરછ કરતા મને કહેલ કે હવે રૂપીયા ઘરેણા બધુ ભુલી જાજે નહિતર જાનથી મારી નાખીશ એમ ધમકી આપી હતી. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી.

# હનીટ્રેપ-દુષ્કર્મના આરોપીના જામીન મંજુર

### બંને વચ્ચેના સંબંધો પ્રાથમિક દ્રષ્ટિએ સંમતિભર્યા જણાતા સેશન્સ કોર્ટે આપ્યા જામીન

રાજકોટ, તા. ૦૧

કેસની વિગતો મુજબ, અગાઉ પ્રેમલગ્ન કરી આગલા પતિને છુટાછેડા આપી ચૂકેલી મહિલાએ અરજદાર સંજય મનસુખભાઈ કંડોલિયાને હનીટ્રેપમાં ફસાવી નોવા હોટલ સહિત જુદી જુદી જગ્યાએ શારીરિક સંબંધ બાંધવા મજબૂર કર્યા હતા. ત્યારબાદ મહિલાએ અરજદારને બ્લેકમેલ કરી ક્રેટા કાર, એક્ટિવા, મંગળસૂત્ર, મોબાઈલ ફોન, કચ્છી કર્ણાવતીની ફ્રેન્ચાઈઝી તેમજ રોકડ અને બેંકના માધ્યમથી કુલ રૂપિયા પાંત્રીસ લાખ પડાવી લીધા હતા અને અરજદારને પોતાની સાથે રાખી આર્થિક રીતે સાવ બરબાદ કરી દીધો હતો. જ્યારે અરજદારે રકમ આપવાનું બંધ કર્યું ત્યારે મહિલાએ રાજકોટ શહેર મહિલા પોલીસ સ્ટેશનમાં અરજદાર વિરુદ્ધ બળાત્કારની એફ.આઈ. આર. નોંધાવી હતી, જેમાં લગ્નની લાલચ આપી સંબંધ બાંધવા, મારપીટ કરવા અને પ્રેગ્નેન્સી મિસ કરાવવા જેવા ગંભીર આક્ષેપો કર્યા હતા.



ગુનાના કામે ધરપકડ પામેલા આરોપી સંજય કંડોલિયાને જામીન પર મુક્ત કરાવવા માટે બચાવ પક્ષના એડવોકેટ સુરેશ ફળદુએ અદાલતમાં રજૂઆતો કરી હતી કે ફરિયાદીએ 'સાથે રહેવાના કરાર' (લિવ-ઈન એગ્રીમેન્ટ) સહિતની ઘણી મહત્વની હકીકતો છુપાવીને પોલીસ અને અદાલતને ગેરમાર્ગે દોર્યા છે. ફરિયાદી પરણીત મહિલા હોવા છતાં અલગ અલગ દસ્તાવેજોમાં પોતાની ઉંમર અલગ અલગ દર્શાવી છે અને એફ. આઈ.આર.માં સંબંધ બાંધ્યાની તારીખો અને સમય ઈરાદાપૂર્વક છુપાવ્યા છે. વધુમાં, મહિલા દારૂ અને સિગરેટ પીતી હોવાની અને તેણીએ જ પોતાની ઈચ્છાથી અરજદારને શારીરિક સંબંધ બાંધવા મજબૂર કર્યા હોવાની હકીકતો પણ રેકર્ડ પર લાવવામાં આવી હતી.

તમામ પક્ષોની રજૂઆતો અને દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં લઈને રાજકોટના એડિશનલ સેશન્સ જજએ નોંધ્યું હતું કે ફરિયાદી અને અરજદાર બંને પુખ્ત વયના અને પરિણીત છે, અને ચાર વર્ષ જેટલા લાંબા સમયગાળામાં તેઓ એકબીજા સાથે સતત સંપર્કમાં હતા. અદાલતે અવલોકન કર્યું કે પ્રથમ ઘટના અને ફરિયાદ નોંધાવવા વચ્ચે નોંધપાત્ર સમયગાળો પસાર થયો છે અને બંને વચ્ચેના સંબંધો પ્રાથમિક દ્રષ્ટિએ સંમતિભર્યા જણાઈ આવે છે. માત્ર લગ્ન ન થવાની હકીકત પરથી જ આ ફરિયાદ ઉદ્ભવી છે અને હાલ કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન પૂર્ણ થઈ ગયું હોવાથી કોર્ટે આરોપી સંજય મનસુખભાઈ કંડોલિયાને રેગ્યુલર જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટિયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરિયા અને મદદમાં નીરવ દોંગા સહિતની વકીલોની ટીમ રોકાઈ હતી.


PUBLIC ANNOUNCEMENT

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. THIS IS NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY, OUTSIDE INDIA.

WCM™ WELDOR CNC MACHINES LTD

(Please scan this QR Code to view the DRHP)

**WELDOR CNC MACHINES LIMITED**

**CIN: U28229GJ2024PLC157041**

Our Company was originally constituted as a partnership firm under the Partnership Act, 1932, in the name and style of "Weldor CNC Machines", pursuant to a deed of partnership dated December 01, 2015. Thereafter, pursuant to an amended partnership deed dated October 1, 2024, the partnership firm was reconstituted upon the admission of new partners. Subsequently, the partnership firm was converted into a public limited company under Part I of Chapter XXI of the Companies Act, 2013, and was incorporated in the name of "Weldor CNC Machines Limited" pursuant to a certificate of incorporation dated December 13, 2024, issued by the Registrar of Companies, Central Registration Centre. The Corporate Identification Number of our Company is U28229GJ2024PLC157041.

**Registered Office:** Plot No. 6/A, Plot No. 6/B, Revenue Survey no. 240p, Veraval (Shapar), Rajkot, Kotda Sanghani, Gujarat - 360024, India.
**Contact Person:** Paragkumar Sandipkumar Dave, Company Secretary & Compliance Officer
**Tel No:** +91-9274396173 | **E-mail:** investors@weldorcncmachines.com | **Website:** https://weldorcncmachines.com/

**OUR PROMOTERS: MAHESHKUMAR GORDHANDAS VAGHELA, NIKUNJ MAHESHKUMAR VAGHELA AND MINABEN MAHESHKUMAR VAGHELA**

**INITIAL PUBLIC OFFER OF UP TO 23,30,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH (THE "EQUITY SHARES") OF WELDOR CNC MACHINES LIMITED ("OUR COMPANY" OR "WCML" OR "THE ISSUER") AT AN ISSUE PRICE OF ₹ [●] PER EQUITY SHARE FOR CASH, AGGREGATING UP TO ₹ [●] LAKHS("PUBLIC ISSUE") OUT OF WHICH [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH, AT AN ISSUE PRICE OF ₹ [●] PER EQUITY SHARE FOR CASH, AGGREGATING ₹ [●] LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY THE MARKET MAKER TO THE ISSUE (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE PUBLIC ISSUE LESS MARKET MAKER RESERVATION PORTION I.E. ISSUE OF [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH, AT AN ISSUE PRICE OF ₹ [●] PER EQUITY SHARE FOR CASH, AGGREGATING UP TO ₹ [●] LAKHS IS HEREIN AFTER REFERRED TO AS THE "NET ISSUE". THE PUBLIC ISSUE AND NET ISSUE WILL CONSTITUTE 27.96% AND [●]% RESPECTIVELY OF THE POST- ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

**THE PRICE BAND AND THE MINIMUM BID LOT WILL BE DECIDED BY OUR COMPANY IN CONSULTATION WITH THE BRLM AND WILL BE ADVERTISED IN ALL EDITIONS OF "FINANCIAL EXPRESS" (A WIDELY CIRCULATED ENGLISH NATIONAL DAILY NEWSPAPER) AND ALL EDITIONS OF "JANSATTA" (A WIDELY CIRCULATED HINDI NATIONAL DAILY NEWSPAPER, AND ALL EDITIONS OF "RAJKOT MIRROR" A REGIONAL NEWSPAPER (GUJARATI BEING THE REGIONAL LANGUAGE OF RAJKOT WHERE OUR REGISTERED OFFICE IS LOCATED), AT LEAST TWO WORKING DAYS PRIOR TO THE BID/ISSUE OPENING DATE AND SHALL BE MADE AVAILABLE TO THE SME PLATFORM OF BSE ("BSE SME") FOR THE PURPOSE OF UPLOADING ON THEIR WEBSITE.**

In case of any revision in the Price Band, the Bid/Issue Period shall be extended for at least three additional Working Days after such revision of the Price Band, subject to the total Bid/Issue Period not exceeding 10 Working Days. In cases of force majeure, banking strike or similar circumstances, our Company, for reasons to be recorded in writing extend the Bid/Issue Period for a minimum of three Working Days, subject to the Bid/Issue Period not exceeding 10 Working Days. Any revision in the Price Band, and the revised Bid/Issue Period, if applicable, shall be widely disseminated by notification to the Stock Exchanges by issuing a press release and also by indicating the change on the website of the BRLM and at the terminals of the Members of the Syndicate and by intimation to Designated Intermediaries and Sponsor Bank.

The Issue is being made through the Book Building Process, in terms of Rule 19(2)(b)(i) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended ("SCRR") read with Regulation 253 of the SEBI ICDR Regulations, as amended, wherein not more than 50% of the Net Issue shall be allocated on a proportionate basis to Qualified Institutional Buyers ("QIBs", the "QIB Portion"), provided that our Company may, in consultation with the Book Running Lead Manager, allocate up to 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI ICDR Regulations ("Anchor Investor Portion"), of which 33.33% of the Anchor Investor Portion, shall be reserved, for domestic Mutual Funds and 6.67% for Life Insurance Companies and Pension Funds (aggregating to 40%), subject to valid Bids being received from them at or above the Anchor Investor Allocation Price in accordance with the SEBI ICDR Regulations. In the event of under-subscription in Life Insurance Companies and Pension Funds portion the same may be allocated to domestic Mutual Funds. In case of under-subscription or non-allocation in the Anchor Investor Portion, the balance Equity Shares shall be added to the "Net QIB Portion. Further, 5% of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis only to Mutual Funds, and the remainder of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to all QIBs, including Mutual Funds, subject to valid Bids being received at or above the Issue Price. However, if the aggregate demand from Mutual Funds is less than 5% of the Net QIB Portion, the balance Equity Shares available for allocation in the Mutual Fund Portion will be added to the remaining Net QIB Portion for proportionate allocation to QIBs. Further, the SEBI ICDR Regulations read with SEBI ICDR (Amendment) Regulations, 2025, states that not less than 35% of the Net Issue shall be available for allocation to Individual Investors who apply for minimum application size. Not less than 15% of the Net Issue shall be available for allocation to Non-Institutional Investors of which one-third of the Non-Institutional Portion will be available for allocation to Bidders with an application size of more than two lots and up to such lots as equivalent to not more than ₹ 10.00 Lakhs and two-thirds of the Non-Institutional Portion will be available for allocation to Bidders with an application size of more than ₹ 10.00 Lakhs and under-subscription in either of these two sub-categories of Non-Institutional Portion may be allocated to Bidders in the other sub-category of Non-Institutional Portion. Subject to the availability of shares in non-institutional investors' category, the allotment to each Non-Institutional Investor shall not be less than the minimum application size in Non-Institutional Category and the remaining available Equity Shares, if any, shall be allocated on a proportionate basis in accordance with the conditions specified in this regard in Schedule XIII of the SEBI (ICDR) (Amendment) Regulations, 2025. All Potential Bidders, other than Anchor Investors, are required to participate in the Issue by mandatorily utilizing the Application Supported by Blocked Amount ("ASBA") process by providing details of their respective ASBA Account (as defined hereinafter) in which the corresponding Bid Amounts will be blocked by the Self-Certified Syndicate Banks ("SCSBs") or under the UPI Mechanism, as the case may be, to the extent of respective Bid Amounts. Anchor Investors are not permitted to participate in the Issue through the ASBA process. For details, please refer to the chapter titled *"Issue Procedure"* on page 346 of this Draft Red Herring Prospectus.

This public announcement being made pursuant to Regulation 247 of the SEBI ICDR Regulation, 2018, which states that the DRHP filed with the SME Platform of BSE Limited (BSE SME) shall be made available to the public for comments, if any, for a period of at least 21 days, from the date of such filing by hosting it on the website of the BSE at www.bseindia.com, and the website of the Company https://weldorcncmachines.com/, and at the website of BRLM i.e Seren Capital Private Limited at www.serencapital.in. Our Company hereby invites the members of the public to give their comments to BSE SME, to Company Secretary and Compliance Officer of our Company and /or the BRLM at their respective addresses mentioned below. All comments must be received by BSE SME and/or our Company and/or BRLM in relation to the issue on or before 5 p.m. on the 21st day from the aforesaid date of filing the DRHP with BSE SME.

Investments in Equity and Equity-related securities involve a degree of risk and investors should not invest any funds in this Issue unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Issue. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Issue including the risks involved. The Equity Shares issued in the Issue have not been recommended or approved by the Securities and Exchange Board of India ("SEBI"), nor does SEBI guarantee the accuracy or adequacy of the Draft Red Herring Prospectus. Specific attention of the investors is invited to the section "Risk Factors" beginning on page 18 of this Draft Red Herring Prospectus.

Any decision to invest in the Equity Shares described in the DRHP may only be made after the red herring prospectus ("Red Herring Prospectus") has been filed with the RoC and must be made solely on the basis of such Red Herring Prospectus as there may be material changes in the Red Herring Prospectus from the DRHP. The Equity Shares, when offered, through the Red Herring Prospectus, are proposed to be listed on SME Platform of BSE Limited.

For details of the main objects of the Company as contained in its Memorandum of Association, see *"History and Corporate Structure"* on page 154 of the DRHP. The liability of the members of the Company is limited. For details of the share capital and capital structure of the Company and the names of the signatories to the Memorandum of Association and the number of shares subscribed by them see *"Capital Structure"* beginning on page 67 of the DRHP.

| BOOK RUNNING LEAD MANAGER TO THE ISSUE | REGISTRAR TO THE ISSUE | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER |
| --- | --- | --- |
| SEREN CAPITAL Elevate Your Potential<br>**SEREN CAPITAL PRIVATE LIMITED**<br>**Address:** Office no. 601 to 605, Raylon Arcade, Kondivita, J.B. Nagar, Mumbai, Maharashtra – 400059<br>**Tel. No.:** +91-22-46011058<br>**Email:** info@serencapital.in<br>**Investor Grievance Email:** investor@serencapital.in<br>**Website:** https://serencapital.in/<br>**Contact Person:** Venil Mehta / Tripti Pathani<br>**SEBI Regn. No.:** INM000013156 | Maashitla<br>**MAASHITLA SECURITIES PRIVATE LIMITED**<br>**Address:** 451, Krishna Apra Business Square, Netaji Subhash Place, Pitampura, Delhi - 110034, India.<br>**Telephone:** 011- 47581432<br>**Email:** investor.ipo@maashitla.com<br>**Investor Grievance Email:** investor.ipo@maashitla.com<br>**Website:** http://www.maashitla.com/<br>**Contact Person:** Mukul Agrawal<br>**SEBI Registration Number:** INR000004370<br>**CIN:** U67100DL2010PTC208725 | WCM WELDOR CNC MACHINES LTD<br>**WELDOR CNC MACHINES LIMITED**<br>**Paragkumar Sandipkumar Dave,**<br>Company Secretary & Compliance Officer<br>**Address:** Plot No. 6/A, Plot No. 6/B, Revenue Survey no. 240p, Veraval (Shapar), Rajkot, Kotda Sanghani, Gujarat - 360024, India.<br>**Tel. No.:** +91-9274396173<br>**Email:** cs@weldorcncmachines.com<br>**Website:** https://weldorcncmachines.com/ |

Investors can contact our Company Secretary and Compliance Officer, Lead Manager or Registrar to the Issue, in case of any pre-issue or post-issue related problems, such as non- receipt of letter of allotment, non- credit of allotted Equity shares in the respective beneficiary account, non-receipt of refund orders and non-receipt of funds by electronic mode etc.

All capitalized terms used herein and not specifically defined shall have the same meaning ascribed to them in the DRHP.

**For WELDOR CNC MACHINES LIMITED**
**On behalf of the Board of Directors**
**Sd/-**
**Paragkumar Sandipkumar Dave**
**Company Secretary and Compliance Officer**

**Place:** Rajkot, Gujarat
**Date:** October 01, 2026

**WELDOR CNC MACHINES LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offer of its Equity Shares and has filed the DRHP dated September 30, 2026 with BSE SME. The DRHP is available on the website of BSE at www.bseindia.com and on the website of the BRLM, i.e. Seren Capital Private Limited at www.serencapital.in and the website of our Company at https://weldorcncmachines.com/ Potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see the section titled *"Risk Factors"* beginning on page 18 of the DRHP. Potential investors should not rely on the DRHP filed with BSE SME for making any investment decision.

The Equity Shares offered in the Issue have not been and will not be registered under the U.S. Securities Act of 1933 (the **"U.S. Securities Act"**) or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in offshore transactions in reliance on Regulation S and the applicable laws of the jurisdictions where those offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.

AdBaaz

### ક્યાંક જાણીતા વિશ્વાસુ ઘા કરી જાય છે તો ક્યાંક અજાણ્યા છેતરી જાય છે

# જુના કર્મચારીએ સવા બે કરોડનો દીધો ડામ

## ટ્રાન્સપોર્ટર સાથે દગાખોરી કરી રોકડા લઇ ગાયબ થયોઃ બીજી તરફ દેશ ભરમાં સાડા સોળ કરોડની ઓનલાઇન ઠગાઇ કરનાર ત્રિપુટી ઝડપાઇ ગઇ

રાજકોટ, તા. ૦૧

વારંવાર એવા બનાવ બનતા રહે છે જેમાં જે તે પઢી કે સંસ્થા કે કંપની સાથે તેના વિશ્વાસુ કર્મચારીઓ જ ઠગાઇ કરી જાય છે. આવી વધુ એક ઘટના સામે આવી હતી. જેમાં એક ટ્રાન્સપોર્ટરને તેનો જ જુનો કર્મચારી છેતરી બે કરોડ એક્ત્રીસ લાખ જેવી રકમ લઇ ગાયબ થઇ ગયો હતો. પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો ગાંધીધામ શહેરના બી-ડિવિઝન પોલીસ મથક હદ વિસ્તારમાં ફ્રોડની એક ઘટના સામે આવી હતી. સોનીપત ગોહાના ફ્રેઇટ કેરિયર નામના ટ્રાન્સપોર્ટ વ્યવસાયના માલિક સાથે તેમના જ વિશ્વાસુ કર્મચારીએ જ રૂપિયા ૨.૩૧ કરોડની મસમોટી રકમની છેતરપિંડી અને વિશ્વાસઘાત આચર્યાની પોલીસ ચોપડે ગંભીર ફરિયાદ નોંધાઈ છે. આ બનાવને પગલે ટ્રાન્સપોર્ટ એસોસિએશનમાં ચર્ચા જાગી છે. આદિપુર રહેતા ૬૨ વર્ષીય ટ્રાન્સપોર્ટર ફરિયાદી અશોકભાઈ લાલસિંહ માથુ છેલ્લા સત્યાવીસ વર્ષથી ગાંધીધામ ખાતે ટ્રાન્સપોર્ટ અને કમિશનનો ધંધો કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

વધુ માહિતી મુજબ મુળ રાજસ્થાનનો ધર્મવીર હવાસીંગ પવાર તેની પેઢી પર નોકરી માટે આવ્યો હતો. મીઠી વાતો કરી આરોપીએ ફરિયાદીનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો. સમય જતાં ફરિયાદીએ પોતાના એચડીએફસી બેંક અને આઈસીઆઈસીઆઈ બેંકના એટીએમ કાર્ડ, સહી કરેલા ચેકબુક તથા બેંક ખાતાઓમાં આરોપીના મોબાઈલ નંબર એડ કરાવીને ટ્રાન્સપોર્ટ અને ગાડીઓનું તમામ વ્યવહારિક સંચાલન આરોપીને સોંપ્યું હતું.

ત્યારબાદ અલગ અલગ સમયગાળા દરમિયાન આરોપી ધર્મવીરે કારસા રચીને ફરિયાદીની જાણ બહાર તેમના બેંક ખાતાઓમાંથી અલગ-અલગ ખાતાઓમાં કુલ રૂ.૧ કરોડ ૦૪ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા. આ ઉપરાંત, એટીએમ કાર્ડ અને સહી કરેલા ચેકનો દુરુપયોગ કરી અન્ય રૂ. ૧ કરોડ ૨૭ લાખ રોકડા કે અન્ય માધ્યમથી મેળવી લીધા હતા. આમ, કુલ રૂ.૨ કરોડ ૩૧ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી.

આ પછી જ્યારે વેપારીને શંકા ગઈ અને તેમણે હિસાબ માંગ્યો ત્યારે આરોપી ગલ્લાંતલ્લાં કરવા લાગ્યો હતો કંપનીના મોબાઈલ ઓફિસમાં મૂકીને ફરાર થઈ ગયો હતો. બાદમાં વહેલી સવારે




ઓફિસમાંથી હિસાબના કાગળો અને પાસબુક-ચેકબુક પણ ચોરી ગયો હતો. બનાવ અંગે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ મથકે વિવિધ કલમો તળે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ ઘટનામાં તપાસ પી.એસ.આઈ. એન.વી. બામ્ભાએ હાથ ધરી હતી.

બીજી તરફ સુરત સાયબર ક્રાઇમ સેલ દ્વારા શેરબજારમાં રોકાણના નામે સુરતના એક રોકાણકાર સાથે ૧.૧૦ કરોડથી વધુની ઠગાઈ આચરવાના ગુનાનો પર્દાફાશ કરી મહારાષ્ટ્રથી ત્રણ મુખ્ય સાગરીતોને ઝડપી પાડવામાં આવ્યા છે. પકડાયેલા આરોપીઓમાં મુંબઈના માનખુર્દમાં રહેતો ૨૭ વર્ષીય રાહુલ અલખનાથ રજક, નવી મુંબઈ સીવૂડસનો ૩૭ વર્ષીય આશિષ સુરેશ સોનાર અને નેરૂલમાં રહેતો મૂળ જલગાંવનો ૩૪ વર્ષીય ભૂષણ સુરેશ સેંદાણે સામેલ છે. આ ટોળકી નોકરી અને બેરોજગારીની આડમાં સાયબર માફિયાઓ સાથે મળી દેશભરમાં ઓનલાઇન ઠગાઈનું નેટવર્ક ચલાવતી હતી.

પોલીસે જણાવ્યા મુજબ આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચી ફરિયાદીને શેર માર્કેટમાં ચું વળતર આપવાની લાલચ આપી હતી. વિશ્વાસ કેળવવા માટે ઠગોએ બોગસ અને નકલી એપ્લિકેશન ફરિયાદીના મોબાઇલમાં ડાઉનલોડ કરાવી હતી. ત્યારબાદ આ ફેક એપ્લિકેશનમાં ફરિયાદીના નામે ડિમેટ અને ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવી જુદા-જુદા બેંક ખાતાઓમાં ટ્રેડિંગ પેટે કુલ ૧,૧૦,૯૦,૦૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. એપ્લિકેશનના ડિસ્પ્લે પર મોટો નફો દર્શાવી રોકાણકારને ભ્રમમાં રાખવામાં આવ્યા હતા.

ત્યારબાદ જ્યારે ફરિયાદીએ પોતાના નફા અને મુદ્દલની રકમ વિડ્રો કરવાની માગ કરી, ત્યારે સાયબર ગઠિયાઓએ ચાર્જ અને ટેક્સના નામે વધુ નાણાં જમા કરાવવાનું દબાણ શરૂ કર્યું હતું. ભોગ બનનારને શંકા ન જાય તે માટે માત્ર ૫,૦૦૦ વિડ્રો કરવા દીધા હતા અને બાકીના ૧,૧૦,૮૫,૦૦૦ અટકાવી દઈ છેતરપિંડી આચરી હતી. આ મામલે ભોગ બનનારે સુરત સાયબર ક્રાઈમ પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો. પોલીસ તપાસમાં આરોપીઓની મોડસ ઓપરેન્ડીનો મોટો ખુલાસો થયો છે. આરોપી રાહુલ રજકે પોતાની બોગસ ફર્મ બનાવી, ઉદ્યમ સર્ટિફિકેટ મેળવી ત્ઝજ્દ બેંકમાં કરંટ એકાઉન્ટ ખોલાવ્યું હતું.

આ એકાઉન્ટ તેણે ૧૦,૦૦૦ના કમિશનથી આશિષ સોનારને આપ્યું હતું. આશિષે ૩૦,૦૦૦નું કમિશન મેળવી તે ખાતું ભૂષણ સેંદાણેને આપ્યું અને ભૂષણે આગળ ૨૦,૦૦૦નું કમિશન ખિસ્સામાં મૂકી મુખ્ય નાસતા-ફરતા સાયબર ઠગોને ખાતું સોંપ્યું હતું. પોલીસે જપ્ત કરેલા કરંટ એકાઉન્ટની હિસ્ટ્રી તપાસતા ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ બેંક ખાતામાં માત્ર ૩ મહિનામાં રૂપિયા ૨,૪૧,૦૩,૫૦૬ના વ્યવહારો થયા હતા. વધુમાં નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર તપાસ કરતા દેશના અલગ-અલગ રાજ્યોમાં નોંધાયેલી ૨૯ જેટલી ફરિયાદોમાં આ જ ખાતું સંડોવાયેલું મળ્યું હતું, જેમાં કુલ ૧૬,૧૩,૪૪,૭૯૦ની જંગી છેતરપિંડી આચરવામાં આવી હોવાનું સ્પષ્ટ થયું હતું.

# શીવપરામાંથી દારૂ સાથે એક પકડાયો હીરામનનગરના શખ્સનું નામ ખુલ્યું

## દારૂના ચાર સ્થળે અલગ અલગ દરોડામાં છુટક-જથ્થાબંધ માલ પકડાયો




રાજકોટ તા. ૦૧

દારૂના વધુ ચાર દરોડા પાડી પોલીસે અલગ અલગ શખ્સોને બોટલો સાથે પકડી લીધા હતાં. જેમાં રૈયા રોડ પર હનુમાન મઢી ચોક પાસે શિવપરામાં મકાનમાં ક્રાઇમબ્રાંચે દરોડો પાડી એક શખ્સને રૂા.૩૯ હજારના દારૂના જથ્થા સાથે ઝડપી લઇ ફરાર બીજા શખ્સની શોધખોળ આદરી હતી. રૈયારોડ પર શિવપરા શેરી નં.૧માં બંધ શેરીમાં જાવેદ સોલંકી નામનો શખ્સે મકાનના ત્રીજા માળે દારૂનો જથ્થો રાખ્યો હોવાની બાતમીના આધારે ક્રાઇમબ્રાંચના પીઆઇ એ.એસ. ચાવડાની રાહબરીમાં પીએસઆઇ વી.ડી. ડોડીયા, એએસઆઇ અમીતભાઇ અગ્રાવત, હેડકોન્સ. રાજેશભાઇ જળુ, ગોપાલભાઇ બોળીયા સહિતના સ્ટાફે મકાનમાં દરોડો પાડ્યો હતો.

અહિથી પોલીસે જાવેદ બસીરભાઇ સોલંકી (ઉ.વ.૩૫ રહે. મોચીનગર, ગાંધીગ્રામ)ને ઝડપી લઇ રૂા.૩૦ હજારની દારૂની ૩૩૬ બોટલ અને ફોન મળી કુલ રૂા. ૪૦,૨૪૦નો મુદામાલ કબ્જે કર્યો હતો. આરોપીની પૂછતાછમાં આ દારૂનો જથ્થો અરબાઝ શેખ (રહે. હિરામનનગર, હનુમાન મઢી પાસે)નો હોવાની કબુલાત આપતા પોલીસે તેની શોધખોળ શરૂ કરી હતી. બીજા દરોડામાં બી-ડીવીઝનના હેડ કોન્સ પી.ડી. રાઠોડ કોન્સ. અજયભાઇ ચૌહાણ સહિતના સ્ટાફે ભગવતીપરામાં સમન્વય હાઇટ્સ પાસેથી બાતમીના આધારે સ્કુટરમાં દારૂ લઇને નિકળેલા સાહીલ સિકંદરભાઇ બેલીમ (મીયાણાવાસ, ભગવતીપરામાં મેઇન રોડને પકડી રૂા. ૩૬૦૦ની દારૂ ૨૪બોટલ અને ૫૦ હજારનું સ્કુટરમળી રૂા. ૫૩,૬૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો.

તેમજ ત્રીજા દરોડામાં એલસીબી ઝોન-૨ ની ટીમના એએસઆઇ સત્યજીતસિંહ જાડેજા સહિતના સ્ટાફે ૧૫૦ ફુટ રીંગ રોડ પર ગોવર્ધન ચોક પાસેથી મુસ્તુફા ઉર્ફે બોદુ ઇકબાલભાઇ લીંગડીયા (ઉ.વ. ૩૧ રહે. ખોડીયારનગર, એસ.ટી. વર્ક શોપ પાછળ, ગોંડલ રોડ) ને રૂા. ૧૯૫૦ ની દારૂની ૬ બોટલ સાથે પકડી લીધો હતો. ચોથા દરોડામાં પ્ર.નગર પોલીસના હેડ કોન્સ એન.પી. કુગશીયા, કોન્સ. વનરાજભાઇ બોરીચા સહિતના સ્ટાફે રેલનગરમાં સીલ્વર કોમ્પ્લેક્ષ પાસેથી વેપારી ચોથા દરોડામાં પ્ર.નગર પોલીસના હેડ કોન્સ એન.પી. કુગશીયા, કોન્સ. વનરાજભાઇ બોરીચા સહિતના સ્ટાફે રેલનગરમાં સીલ્વર કોમ્પ્લેક્ષ પાસેથી વેપારી દિપેશ જયસુખભાઇ બજાણીયા (ઉ.વ. ૩૨ રહે. સીલ્વર કોમ્પ્લેક્ષ, રેલનગર) ને દારૂની એક બોટલ સાથે પકડી લીધો હતો.

### અમુક એવા હોય જેને પોલીસ ગમે એટલીવાર પકડે એ સુધરે જ નહિ

# રૈયાધારમાં નામીચા હાન્ડાના ફરી ખેલઃ કારમાં તોડફોડ, હુમલો

## ઠાકરધણી હોટલે ચા પી રહેલા યુવાનની કારમાં કારણવગર તોડફોડ કરીઃ તેને અટકાવવા છતાં ન માનતાં પોલીસને ફોન કરતાં ઉશ્કેરાઇ ગયોઃ યુવાન હોસ્પિટલમાં દાખલ થયા પછી તેના ઘરે જઇને પણ તોડફોડ કરી

રાજકોટ તા. ૦૧

રંગીલા મોજીલા શહેર રાજકોટમાં અવાર-નવાર કેટલાક છાપેલા કાટલા શાંતી હણાય તેવા કૃત્યો કરતાં હોય છે. આવા શખ્સો સામે પોલીસ વારંવાર અકરા પગલા લેતી હોય છે. આમ છતાં તે સુધરતા હોતા નથી. આવો જ એક હાન્ડા તરીકે ઓળખાતો શખ્સ રૈયાધારમાં ડખ્ખાક કરતો ફરે છે. તેણે વધુ એક માથાકુટ કરી હતી. રૈયાધાર રાણીમા રૂડીમા ચોકમાં હોટેલ બહાર પાર્ક કરાયેલી કારમાં કારણ વગર જ તોડફોડ ચાલુ કરતાં કાર માલિકે તેને અટકાવતાં માથાકુટ કરવા માંડતાં તેણે પોલીસ બોલાવતાં આ વાતનો ખાર રાખી તેના પર પાઇપથી હુમલો કરી પથ્થરથી પણ ઇજા કરી હતી. યુવાન હોસ્પિટલમાં દાખલ થતાં તેના ઘરે પહોંચી ઘર ઉપર પણ ઇંટોના ઘા કરી ધમાલ મચાવી હતી!

વિગતો જોઇએ તો શહેરના રૈયાધાર રાણીમા રૂડીમા ચોકમાં વધુ એક વખત આ વિસ્તારમાં નામચીનની છાપ ધરાવતાં હાન્ડા તરીકે ઓળખાતા શખ્સ અને તેના સાગ્રીતોએ ધમાલ મચાવી હતી. એક કારના કાચમાં તોડફોડ કરી બાદમાં યુવાન પર પાઇપ-પથ્થરથી હુમલો કરવામાં આવ્યો હતો. ઠાકરધણી હોટેલ પાસે આ બનાવ બન્યો હતો. પોલીસે એટ્રોસીટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી હાંડા સહિતનાને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે રૈયાધાર રાણીમા રૂડીમા ચોક આરએમસી બાર માળીયા ક્વાર્ટર નં. ૬૦૧/૬૧૦માં રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં અઠ્ઠાવીસ વર્ષના આનંદભાઇ ઉર્ફે બાબુભાઇ રણછોડભાઇ પરમારની ફરિયાદ પરથી ભવદીપ ઉર્ફે હાન્ડો પરેશભાઇ ડાભી તથા તેની સાથેના બંટી પ્રતાપ સોલંકી, અરમાન ઉર્ફે અનુ ચમનભાઇ સોઢા, આશિષ ઉર્ફે દેવલો રમેશભાઇ સામે એફઆઇઆર દાખલ કરી હતી.

વધુ માહિતી અનુસાર આવેલી હોટલ બહાર કારના કાચ તોડવા બાબતે વિરોધ નોંધાવતા એક યુવક પર ચાર શખ્સોએ પાઇપ અને પથ્થર વડે હુમલો કરી જાતિ -ત્યે અપશબ્દો કહી માર માર્યાનો બનાવ સામે આવ્યો છે. આ ઉપરાંત આરોપીઓએ યુવકના ઘરે જઈ ઈંટોના છૂટ્ટા ઘા મારી ઘરના દરવાજાને પણ નુકસાન પહોંચાડ્યું હતું. બનાવ અંગે પોલીસે એટ્રોસિટી અને હુમલા સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આનંદભાઇ ઉર્ફે બાબુભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે ૨૯મીએ રાત્રીના અગીયાર વાગ્યાના સુમારે રાણીમા રૂડીમા ચોક પાસે આવેલ ઠાકરધણી હોટલે ચા-પાણી પીવા ગયો હતો.




આ વખતે મારી કાર જીજે૦૩કેએચ-૦૦૪૬ મેં હોટેલ બહાર પાર્ક કરીને અંદર ગયો હતો ત્યારે મિત્ર રવિએ અંદર આવી જાણ કરી હતી કે ભવદીપ ઉર્ફે હાન્ડો તેની કારનો પાછળનો કાચ પથ્થર મારીને તોડી રહ્યો છે. આથી આનંદભાઈ બહાર આવ્યા અને ભવદીપ ડાભીને કાચ તોડવાનું કારણ પૂછતાં તે ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપવા લાગ્યો હતો. તેની સાથે બંટી સોલંકી પણ હતો. ઝઘડો વધતાં આનંદભાઈએ પોલીસ કંટ્રોલ રૂમના ૧૧૨ નંબર પર ફોન કરતા, ભવદીપે-પોલીસમાં કેમ ફોન કર્યો? તેમ કહી તેની પાસે રહેલા પાઇપ વડે આનંદભાઈના જમણા પડખામાં અને વાંસાના ભાગે ઘા ફટકારી દીધા હતા. આ દરમિયાન બંટી સોલંકી તેમજ તેમના અન્ય સાગરીતો અરમાન ઉર્ફે અનુ, આશીષ ઉર્ફે દેવલો પણ આવી ગયા હતાં.

આ શખસો પણ પથ્થરના છૂટ્ટા ઘા મારી આનંદભાઈને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતાં શબ્દો કહ્યા હતાં તેમજ મારી નાંખવાની ધમકી આપી હતી. મિત્રો વચ્ચે પડતાં આનંદભાઈનો બચાવ થયો હતો. બાદમાં તેને સારવાર માટે ખસેડ્યા હતાં. સિવિલ હોસ્પિટલમાં તે દાખલ થયો હતો. તે સારવાર હેઠળ હતો ત્યારે પણ ભવદીપ ઉર્ફે હાન્ડો તેના ઘરે પહોંચ્યો હતો અને ઘરના દરવાજા પર ઇંટોના ઘા કરી નુકસાન પહોંચાડ્યું હતું. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર કે. કે. ગોહિલ અને ટીમે એટ્રોસીટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. આગળની તપાસે એસીપીની રાહબરીમાં થઇ રહી છે. ભવદીપ ઉર્ફે હાન્ડો અગાઉ પણ ગેંગ રચી માથાકુટ કરી ચુક્યો છે. જે તે વખતે પોલીસે દબોચી કાયદાનું ભાન કરાવ્યું હતું. તે વખતે હાન્ડો અને તેની આખી ટોળકીને પોલીસે પકડી હતી. ફરી વખત હાન્ડાએ ખેલ કર્યા હોઇ પોલીસ તેને અને સાગ્રીતોને શોધી રહી છે.

### હું યોગેશ બોલુ છું તમારા પિતાએ તમારા એકાઉન્ટમાં મને પૈસા મોકલવાનું કહ્યું છે...

# યુવતિને ફોન કરી ગઠીયાએ રોકડા પડાવ્યા

## બીજી તરફ ટેક્સટાઇલ માર્કેટના વેપારી સાથે પંચાણુ લાખથી વધુની છેતરપીંડીઃ બાકીમાં માલ લઇ જઇ ગઠીયાઓએ ફોન બંધ કરી દીધો

રાજકોટ, તા. ૦૧

સાયબર ક્રાઇમ આચરતાં ગઠીયાઓ રોજેરોજ નવા જુના નુસ્ખા મારફત લોકોને છેતરી લેવામાં સફળ થઇ રહ્યા છે. તો ઘણીવાર રૂબરૂ આવીને પણ ગઠીયાઓ ખેલ પાડી જાય છે. વધુ એક નવતર બનાવ સામે આવ્યો હતો. જેમાં યુવતિને એક ગઠીયો છેતરી ગયો હતો. યુવતિને તેના પિતાના નામે છેતરી લેવાઇ હતી. તમારા પિતાએ પૈસા મોકલવાનું કહ્યું છે તેમ કહી વિશ્વાસ કેળવી રોકડા ટ્રાન્સફર કરાવી ગાયબ થઇ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો કરજણના સાંસરોદ ગામની યુવતી સાથે છન્નુ હજારનું સાયબર ફ્રોડ થયું હતુ. યોગેશ નામના અજાણ્યા ઠગે, પિતાના નામે યુવતીના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવાનું કહી, ખોટા મેસેજ મોકલીને વધુ પૈસા જમા થયા હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ યુવતી પાસેથી ભૂલથી ટ્રાન્સફર થયેલા પૈસા પરત મેળવવાના બહાને છન્નુ હજાર પડાવી લીધા. યુવતીને શંકા જતાં તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ સુત્રોએ જણાવ્યું કે કરજણ તાલુકાના સાંસરોદ ગામની યુવતીને તમારા પિતાએ મને તમારા ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરવાનું કીધું છે તેમ જણાવ્યુ હતુ

બાદમાં યુવતીના મોબાઇલમાં પેમેન્ટ ટ્રાન્સફરના ખોટા મેસેજ મોકલી વધારે પૈસા મોકલાઇ ગયા છે તેમ કહી પરત પૈસા મેળવી છન્નુ હજારનું સાયબર ફ્રોડ ભેજાબાજે કર્યુ હતું. કરજણ તાલુકાના સાંસરોદ ગામે રહેતી આમીના અલ્તાફ યાકુબ સાલેહના મોબાઇલ ઉપર એક અજાણ્યા ઇસમનો કોલ આવ્યો હતો. કોલ કરનારે જણાવેલ કે હું યોગેશ બોલુ છું અને તમારા પિતા અલ્તાફભાઈએ ૨૫ હજાર તમારા ખાતામાં નાખવા કહ્યું છે. આમીનાએ તમે મારા પિતાને કંઈ રીતે ઓળખો છો એમ પૂછતા ભેજાબાજે મારે અત્યારે જ વાત થઈ છે અને તમારા નંબર ઉપર ૨૦ હજાર ગૂગલ પે થી નાખવાના કીધા છે.

ત્યારબાદ આમીનાના મોબાઇલમાં ૨૦ હજાર યુનિયન બેંકના ખાતામાં જમા થયાનો મેસેજ આવ્યો હતો. ત્યારબાદ ગઠિયાએ ફરી કોલ કરી




મને રૂપિયા ૨૫ હજાર કહ્યા છે પણ મેં ૨૦ હજાર ટ્રાન્સફર કર્યા છે એટલે બાકીના રૂપિયા ૫ હજાર ટ્રાન્સફર કરુ છું તેમ વાત કરી હતી. આ વખતે આમીનાના મોબાઇલમાં ૫૦ હજાર જમા થયાનો મેસેજ આવ્યો હતો. ત્યારબાદ ભેજાબાજે મારેરૂપિયા ૫ હજાર નાખવાના હતાં તેની જગ્યાએ ભૂલથી ૫૦ હજાર ટ્રાન્સફર થઈ ગયા છે.

જેથી હું તમને એક નંબર આપું છું તેમાં રૂપિયા પરત મોકલી આપો તેમ કહેતાં આપેલ નંબર ઉપર આમીનાએ રૂપિયા ૪૫ હજાર ટ્રાન્સફર કર્યા હતાં. દરમિયાન રૂપિયા ૧ લાખ બેંકમાં જમા થયેલા હોવાનો ફરી મેસેજ આવતાં આમીનાએ પૂછપરછ કરતા ગઠિયાએ ભૂલથી તમારા ખાતામાં રૂપિયા આવી ગયા છે તેમ કહી તેને હોસ્પિટલનું નામ લઇ એક એકાઉન્ટ નંબર આપ્યો હતો જેમાં આમીનાએ રૂપિયા ૫૧ હજાર ટ્રાન્સફર કર્યા હતાં. જો કે ફરીથી બાકીના પૈસા જમા કરાવવાનું કહેતા આમીનાને શંકા ગઇ હતી અને તેને પોલીસ ફરિયાદ નોધાવી હતી.

બીજી ઘટના જોઇએ તો સુરતના કાપડ બજારમાં છેતરપિંડી અને ઉઠમણાનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. સરથાણા જકાતનાકા પાસે શ્યામધામ મંદિર નજીક રહેતા અને પાવર લૂમ્સનું ખાતું ધરાવતા ૩૩ વર્ષીય હાર્દિકભાઈ વિનોદભાઈ ગીનોયા મોટા આર્થિક ફટકાનો શિકાર બન્યા છે. ઉધના મગદલ્લા રોડ સ્થિત સોમા કાનજીની વાડીમાં આવેલ પ્રગતિ ટેક્સટાઈલ ફર્મના માલિક મહેન્દ્ર પ્રતાપસિંઘ અને તેમના દલાલ ભાવિને શરૂઆતમાં હાર્દિકભાઈ પાસેથી નાના પાયે માલ ખરીદી સમયસર પેમેન્ટ આપીને તેમનો પૂરેપૂરો વિશ્વાસ જીતી લીધો હતો. આ વિશ્વાસનો ગેરલાભ ઉઠાવીને આયોજનબદ્ધ છેતરપિંડી કરવામાં આવી હતી.

ત્યારબાદ અગાઉથી નક્કી કરેલા પ્લાનિંગ મુજબ, બંને ગઠિયાઓએ હાર્દિકભાઈ પાસેથી એકસાથે ૯૫,૨૪,૧૩૪ રૂપિયાની માતબર રકમનો ગ્રે કાપડનો મોટો જથ્થો ખરીદ્યો હતો. નક્કી કરેલી સમય મર્યાદા પૂરી થવા છતાં પેમેન્ટ ન આવતા વેપારીએ ઉઘરાણી શરૂ કરી હતી. આરોપીઓએ શરૂઆતમાં પેમેન્ટ આપી દેવાના ખોટા વાયદાઓ આપીને સમય પસાર કર્યો હતો અને ત્યારબાદ રાતોરાત પોતાના ભાડાના ગોડાઉનને તાળા મારી દીધા હતા. બંને જણા પોતાના મોબાઈલ બંધ કરીને ઉઠમણું કરી રફુચક્કર થઈ ગયા હતા. છેતરપિંડીનો અહેસાસ થતા હાર્દિકભાઈએ ખટોદરા પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે બંને સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

તમારા ફોન નંબરનો મોટા કૌભાંડમાં ઉપયોગ થયો છે હું ટેલીકોમ વિભાગથી બોલુ છું કહી ડરાવ્યા'તા

# ડીજીટલ એરેસ્ટથી ગુમાવેલા ૪૦ લાખ મળ્યા પરત

## બીજી તરફ એપીકે ફાઇલથી થઇ રહેલા ફ્રોડ સામે લોકો બની રહ્યા છે જાગૃતઃ ગઠીયાઓની તરકીબોથી જાણકાર બનેલા લોકો છેતરાતા બચ્યા

રાજકોટ, તા. ૦૧

સાયબર ગઠીયાઓના કારસ્તાન વચ્ચે એક કિસ્સામાં પોલીસ ડીજીટલ એરેસ્ટ થયેલા વૃધ્ધે ગુમાવેલા ચાલીસ લાખ પરત મેળવવામાં સફળ થઇ હતી. બે દિવસમાંજ તેમને આ ગુમાવેલી રકમ પાછી મળી ગઇ હતી. બીજી તરફ સાયબર ક્રાઇમ પોલીસે એપીકે ફાઇલથી થતાં ફ્રોડ સામે લોકોને જાગૃત કરવાનું અભિયાન ચાલુ કર્યુ હતું. જેના કારણે ગઠીયાઓએ એક સાથે પચ્ચીસસો લોકોને એપીકે ફાઇલની લિંક મોકલી હોવા છતાં માત્ર બે ચાર લોકો જ ફ્રોડનો ભોગ બન્યા હતાં અને આઠ દસ હજાર જ ગઠીયાઓને મળ્યા હતાં. બાકીનું મોટુ ફ્રોડ લોકોમાં આવેલી જાગૃકતાને કારણે અટક્યું હતું.

વિગતો જોઇએતે અડાજણના એક વૃદ્ધને ઠગોએ 'તમારા સિમકાર્ડનો મિસયુઝ કરીને કોઈએ ઠગાઈ કરી છે' એવું કહીને ડિજિટલ એરેસ્ટ કરતાં તેમણે જીવનભરની મૂડી ચાલીસ લાખ ગુમાવ્યા હતા. જો કે, સાઈબર પોલીસે પૂરેપૂરી રકમ પરત અપાવી ત્યારે વૃદ્ધની આંખ છલકાઈ ગઈ હતી.આ વૃદ્ધે ૪ એફડી તોડાવીને રકમ આરટીજીએસથી ઠગોના ખાતામાં ટ્રાન્સફર કરી હતી. ઠગોએ વૃદ્ધને સાડા ત્રણ કલાક સુધી વીડિયો કોલ ચાલુ રાખવા પણ મજબૂર કર્યા હતા. તેમણે એવો ડર બતાવ્યો હતો કે સંદીપકુમાર જેવા ગુંડા તમને નુકસાન ન કરે તે માટે સુરક્ષિત રહેવું જરૂરી છે. એમ કહીને વૃદ્ધને દર કલાકે આઇએમ સેફ એવો મેસેજ કરવા મજબૂર કર્યા હતાં.

આ પછી વૃદ્ધ પરિવાર સાથે સાઈબર ક્રાઈમની ઓફિસે પહોંચ્યા હતા.પોલીસે તેમને પાણી પીવડાવીને શાંત કર્યા અને ઘટના જાણી હતી તથા બેંક ખાતાની માહિતી મેળવી હતી. સ્ટાફે જે ખાતામાં ૪૦ લાખ ટ્રાન્સફર થયા તેની સુરત બ્રાંચના મેનેજરનો સંપર્ક કર્યો હતો. તપાસમાં સામેના ખાતામાં પણ ૪૦ લાખથી વધુનું બેલેન્સ બતાવતું હતું. સુરતના મેનેજર મારફતે જે તે બ્રાન્ચ મેનેજરનો સંપર્ક કરી નોટિસ મોકલી ૪૦ લાખ ફ્રીઝ કરાવ્યા હતા. રકમ ફ્રીઝ થયા બાદ સ્ટાફે તાત્કાલિક કોર્ટમાં રિફંડ માટે અરજી કરાવી હતી. માત્ર બે જ દિવસમાં કોર્ટ ઓર્ડર આવી જતાં જરૂરી પ્રક્રિયા પૂરી કરી અઠવાડિયામાં જ વૃદ્ધના ખાતામાં ૪૦ લાખ પરત આવી ગયા હતા. આ વૃદ્ધ અઠવાગેટની હોસ્પિટલના નિવૃત્ત કર્મચારી છે.

ગઠીયાઓએ કોલ કરી ટેલિકોમ ડિપાર્ટમેન્ટમાંથી બોલું છું કહી તમારા સિમકાર્ડનો મિસયુઝ થયો છે. થોડીવાર પછી બીજાએ દિલ્હીના બારાખંભા પોલીસ સ્ટેશનથી બોલું કહી સંદીપકુમાર નામક આરોપી પાસેથી ૧૮૦ પાસબુક મળી છે, જેમાં એક તમારા નામે છે. તમારા ખાતામાં મની લોન્ડરિંગથી ૬.૮૦ કરોડ આવ્યા છે, જેમાંથી તમને ૭૦ લાખ મળ્યા છે, જેથી એરેસ્ટ વોરંટ નીકળ્યું છે. તમે સિનિયર છો એટલે નિવેદન કોર્ટમાં લઈશું. સહકાર આપો તો વોરંટ રદ કરાવીશું કહી સતત બાર દિવસ ડિજિટલ એરેસ્ટ કર્યા હતા. સાયબર ક્રાઇમ પોલીસે તેમને તમામ રકમ પરત અપાવી દીધી હતી.



કેવાયસી અપડેટ, કોઇ પણ બેન્કના નામ સાથેની એપીકે, ક્રેડિટ કાર્ડ અપડેટ, પીએમ આવાસ યોજના, પીએમ કિસાન યોજના, આયુષ્યમાન કાર્ડ, પીએમ સ્વનિધિ, એમજીવીસીએલ, ગેસ કંપનીની એપ, આધાર કાર્ડ અપડેટ, આરટીઓ, ગેસ બીલ, સીંગલ બોક્સ એની ડેસ્ક, ટીમ વ્યૂવર જેવી એપીકે ફાઇલ આવે તો પુરતી તપાસ વગર ઓપન કરવી નહિ

બીજી તરફ વડોદરામાં પીએમ આવાસ યોજનાની એપીકે ફાઈલથી ઓનલાઈન ઠગોએ તરખાટ મચાવ્યો છે. વડસર રોડના કારખાનેદાર મહેન્દ્રભાઈ પટેલે ફાઈલ ખોલતા આઠ ઓટીપી આવ્યા. સતર્કતા વાપરી તેમણે પુત્રી મારફતે બેન્કમાંથી દસ લાખ ટ્રાન્સફર કર્યા. તેમણે મિત્રોને જાણ કરતા, માત્ર ત્રણ લોકોના ખાતામાંથી દસથી બાર હજારની જ ઠગાઈ થઈ. સાયબર સેલ જાગૃતિ અભિયાન ચલાવી રહ્યું છે. લગ્નના ઇન્વિટેશનના નામે આવતી ઁષ્ટ્ફ ફાઇલ બાદ હવે પીએમ આવાસ યોજનાની ફાઇલે તરખાટ મચાવ્યો છે.વડોદરાના એક કારખાનેદારે ફાઇલ ઓપન કરતાં જ તેમના તમામ કોન્ટેક્ટ નંબર પર ફાઇલ પહોંચી ગઇ હતી.લોકોની સતર્કતાને કારણે ઠગોને ધારી સફળતા મળી નહતી.

આ ઉપરાંત ઓનલાઇન ઠગો વાહન ઇ ચલણ,વેડિંગ ઇન્વિટેશન જેવી જુદીજુદી ઁષ્ટ્ફ ફાઇલો દ્વારા અનેક લોકોના મોબાઇલ હેક કરી બેન્ક એકાઉન્ટમાંથી લાખો રૂપિયા ટ્રાન્સફર કરી રહ્યા હોવાના સંખ્યાબંધ બનાવો બનતા હોવાથી સાયબર સેલ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અવેરનેસના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આવા જ એક કિસ્સામાં લોકોની સતર્કતાને કારણે અનેક લોકોના બેન્ક ખાતા હેક થતા બચી ગયા હોવાનો બનાવ બન્યો છે.વડસર રોડ વિસ્તારના કારખાનેદાર મહેન્દ્ર ભાઇ પટેલના મિત્રના નામે વ્હોટસએપ પીએમ આવાસ યોજનાની એપીકે ફાઇલ આવતાં તેમણે લિન્ક ઓપન કરી હતી.

પરંતુ ત્યારબાદ ઉપરાછાપરી આઠ ઓટીપી આવતાં તેઓ ચોંક્યા હતા. તેમણે તરત જ તેમની પુત્રી મારફતે બેન્ક ખાતાની દસ લાખ જેટલી રકમ ટ્રાન્સફર કરી લીધી હતી. મહેન્દ્રભાઇને એક મિત્રએ પીએમ આવાસની ફાઇલ કેમ મોકલી છે તેમ પૂછતાં મહેન્દ્રભાઇએ તરત જ તમામ ગ્રુપમાં અને કોન્ટેક્ટ નંબરો પર મેસેજ મૂકી તેમનો ફોન હેક થયો છે,કોઇએ ફાઇલ ઓપન નહિ કરવી તેવા મેસેજ મૂક્યા હતા.કોન્ટેક્ટ નંબર વાળાને આ મેસેજ તેમના પણ સંપર્ક નંબરો પર ફોરવર્ડ કરવા કહ્યું હતું. પરિણામે માત્ર ત્રણ જણાના ખાતામાંથી માત્ર ૧૦થી ૧૨ હજાર જેટલી રકમ ટ્રાન્સફર થઇ હતી અને બાકીના તમામ લોકો બચી ગયા હતા. આ અંગે તેમણે ફરિયાદ કરવાનું ટાળ્યું હતું,પરંતુ એપીકે નામની કોઇ પણ ફાઇલ નહિ ખોલવા તેમના ગ્રુપના મેમ્બરોએ જાગૃતિ અભિયાન ઉપાડયું છે. જેમાં સફળતા મળી રહી છે.

ઓનલાઇન ઠગો દ્વારા લોકોના બેન્ક ખાતા ખાલી કરવા માટે ઉપયોગમાં લેવાતી માટાભાગની એપીકે ફાઇલના નામ નીચે મુજબ છે. કેવાયસી અપડેટ, કોઇ પણ બેન્કના નામ સાથેની એપીકે, ક્રેડિટ કાર્ડ અપડેટ, પીએમ આવાસ યોજના, પીએમ કિસાન યોજના, આયુષ્યમાન કાર્ડ, પીએમ સ્વનિધિ, એમજીવીસીએલ, વડોદરા ગેસ લિ., આધાર કાર્ડ અપડેટ, આરટીઓ, ગેસ બીલ, સીંગલ બોક્સ એની ડેસ્ક, ટીમ વ્યૂવર જેવી એપ ડાઉન લોડ કરવી પણ જોખમી છે. ઓનલાઇન ઠગો દ્વારા રિમોટ એક્સેસ એપ ડાઉનલોડ કરાવીને પણ ઠગાઇ કરવામાં આવે છે. આવી એપમાં સૌથી વધુ ઉપયોગ એની ડેસ્ક, ટીમ વ્યૂવર,રસ્ટડેસ્ક,સ્ક્રીન શેર વગેરે છે. જેથી આવી એપ ડાઉનલોડ કરવી પણ જોખમી છે.



## ત્રંબામાં જૂગટુ રમતાં સાતને આજીડેમ પોલીસે પકડી લીધા

રાજકોટ તા. ૦૧

જૂગારના વધુ એક દરોડામાં પોલીસે પત્તાપ્રેમીઓને પકડી લીધા હતાં. સરધાર નજીક ત્રંબામાં ત્રિવેણી રોડ પર જાહેરમાં જુગાર રમતા સાત પત્તા પ્રેમીને આજીડેમ પોલીસ ઝડપી લઇ કાર્યવાહી કરી હતી. આજીડેમ પોલીસના હેડકોન્સ. પી.એ. ચીરોડીયા, હરપાલસિંહ જાડેજા, કોન્સ. હરપાલસિંહ જાડેજા, મનીષભાઇ શીરોડીયા સહિતના સ્ટાફે બાતમીના આધારે ત્રંબામાં ત્રિવેણી રોડ પર દરોડો પાડી જાહેરમાં જુગાર રમતા રમેશ નાથાભાઇ સુરેલા, દિગેશ રમેશભાઇ સુરલા, લાલજી જીવરાજભાઇ મોરવાડીયા, રણછોડભાઇ સાદુરભાઇ દાદુકીયા, રાજન માવજીભાઇ સુરેલા,અનીલ થોભણભાઇ સુરેલા, (રહે. બધા ત્રિવેણી રોડ, ત્રંબા) અને હર્ષદ શામજીભાઇ ચોરવીયા (રહે. નાજાપુર, તા. મેંદરડા)ને પકડી લઇ રૂપિયા પાંચ હજાર સાતસોની રોકડ કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

ચાર જુદી જુદી ઘટનામાં લોકોની જિંદગીનો આવી ગયો અંતઃ સ્વજનોમાં શોક અનંત

# પ્રૌઢનું હિટ એન્ડ રનમાં મોત

## રોડની સામે કાંઠે સગા ઉભા હોઇ તે તરફ જતાં હતાં ત્યારે કારનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયઃ અન્ય બે ઘટનામાં બેભાન હાલતમાં વૃધ્ધ, પ્રૌઢના જીવ ગયાઃ ચોથા બનાવમાં એક યુવાનની જિંદગીની સફરનો ટ્રેનમાં આવી ગયો અંત

રાજકોટ તા. ૦૧

અપમૃત્યુની ઘટનાઓનો કરૂણ સિલસિલો યથાવત રહ્યો હતો. વધુ આવા બનાવો સામે આવ્યા હતાં. જેમાં એક પ્રૌઢનું હિટ એન્ડ રનમાં મોત થયું હતું. રોડની સામેની તરફ સગા ઉભા હોઇ તેને મળવા જવા માટે તેઓ રસ્તો ઓળંગી રહ્યા હતાં ત્યારે અજાણ્યો કારનો ચાલક ઉલાળીને ભાગી જતાં તેમનો જીવ ગયો હતો. બીજી ઘટનામાં એક વૃધ્ધ નું બેભાન થઇ જતાં અને એક પ્રૌઢનું પણ બેભાન થઇ જતાં મૃત્યુ થયું હતું. ચોથા બનાવમાં એક અજાણ્યા યુવાનની જિંદગીની સફરનો ટ્રેનમાં જ અંત આવી ગયો હતો.

પ્રથમ ઘટના જોઇએ તો પડધરી નજીક હિટ એન્ડ રનનો બનાવ બન્યો છે. રોડની સામેની તરફ ઉભેલા સગાને મળવા જવા માટે એક પ્રૌઢ રસ્તો ઓળંગી રહ્યા હતાં ત્યારે અજાણ્યો કારનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં આ પ્રૌઢનું ગંભીર ઇજા થવાથી મોત થયું હતું. વધુ માહિતી અનુસાર પડધરી નજીક આવેલી કંપનીમાં નોકરી કરત) મંગલપ્રસાદ સંચીતરામ ચૌહાણ નામના છપ્પન વર્ષના પ્રૌઢ સાંજે કંપની નજીક રોડ પસાર કરી રહ્યા હતાં ત્યારે કોઇ કારનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં તેઓ રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજાઓ થઇ હતી.

બનાવને પગલે સામે ઉભેલા સગા દોડી આવ્યા હતાં અને મંગલપ્રસાદના પરિવારજનોને જાણ કરી હતી. લોકો પણ ભેગા થઇ ગયા હતાં. કોઇએ ૧૦૮ બોલાવતાં તેમને સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પડધરી પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર મંગલપ્રસાદ મુળ યુપીના વતની હતાં અને કંપનીમાં કામ કરતાં હતાં. તેમેને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે ચાર ભાઇમાં મોટા હતાં. પોલીસે જીવલેણ અકસ્માત સર્જી ભાગી ગયેલા કારચાલકની શોધખોળ હાથ ધરી છે.

બીજા બનાવમાં બેભાન હાલતમાં એક વૃધ્ધ અને એક પ્રૌઢના મૃત્યુ થયા હતાં. અન્ય બનાવમાં ગોંડલ રોડ એસટી વર્કશોપ પાછળ ખોડીયારનગર-૩/૬ના ખુણે રહેતાં સાંઇઠ વર્ષના જવાહરલાલ સત્યનારાયણ રવાની સાંજે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમને સંતાનમાં બે દિકરા અને ત્રણ દિકરી છે. પોતે મુળ બિહારના વતની હતાં. તેમને પેરેલીસીસ એટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. માલવીયાનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. બનાવથી સ્વજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી.



ત્રીજી ઘટનામાં મવડી ચોક જલજીત સોસાયટી રાધે હોટેલ પાછળ શેરી નં. ૭ જડેશ્વર મહાદેવ મંદિર સામે રહેતાં મહેશભાઇ મોહનભાઇ ચૌહાણ નામના અઠાવન વર્ષના પ્રૌઢ રાતે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેઓ બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. દરજી કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. સગાના કહેવા મુજબ તેમને કીડનીની બિમારી હતી. માલવીયાનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

જ્યારે ચોથા બનાવમાં એક યુવાનની જિંદગીની સફર ટ્રેનમાં જ ખતમ થઇ ગઇ હતી. મુંબઇથી રાજકોટ જંકશન સ્ટેશન પર પહોંચેલી સૌરાષ્ટ્ર જનતા ટ્રેનના પાછળના જનરલ કોચમાંથી આશરે ત્રીસથી બત્રીસ વર્ષના યુવાનની લાશ મળતાં રેલ્વે પોલીસ મથકના રીયાઝભાઇ કાઝીએ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃતકના હાથ પર ઓમ ત્રોફાવેલુ છે. ઓળખ થાય તેવી બીજી કોઇ ચીજવસ્તુ મળી નથી. તસ્વીરમાં દેખાતા મૃતકના કોઇ વાલીવારસ, સગા હોય તો રેલ્વે પોલીસનો ૦૨૮૧ ૨૪૪૩૩૫૮ ઉપર સંપર્ક કરવા જણાવાય હતું. આમ ચાર અપમૃત્યુની ઘટના બની હતી. જેમાં મૃતદેહના પોસ્ટમોર્ટમ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યા હતાં.

ઓનલાઇન ગઠીયાગીરીની ઘટનાઓમાં રોજરોજ ભરપુર ઉછાળોઃ વધુ બે કિસ્સા

# ઓફિસરનો ફોન હેક કરી ત્રણ લાખ ઉસેડ્યા

## બીજી ઘટનામાં યુવાને મોબાઇલ ચાર્જીંગમાં મુક્યો ને એકાએક ઓટો અપડેટ થઇ ગયા પછી રૂપિયા ખાતામાંથી ગાયબ થઇ ગયા

રાજકોટ તા. ૦૧

ઓનલાઇન ઠગાઇના બનાવો એક પછી એક સતત વધી રહ્યા છે. વધુ એક કિસ્સામાં ઓનલાઇન ઠગાઇ થઇ ગઇ હતી. જેમાં આ વખતે કાર્યપાલક ઇજનેર છેતરાઇ ગયા હતાં. જામનગરમાં ધ્રોલના હરીપર ગામના નાયબ કાર્યપાલક ઈજનેર હાર્દિકકુમાર ભંડેરી સાથે ઓનલાઈન છેતરપિંડી થઈ હતી. અજાણ્યા શખ્સે તેમના બે બેંક ખાતામાંથી કુલ રૂ.૩,૦૬,૯૬૯ ઉપાડી લીધા હતા. તેઓ પત્નિ સાથે મહારાષ્ટ્રના માથેરાન ફરવા ગયા હતા, ત્યારે આ ઘટના બની હતી. મોબાઈલ નેટવર્ક ન હોવાથી તેમણે હોટેલના વાઈ-ફાઈનો ઉપયોગ કરતા જ આ છેતરપિંડીનો ભોગ બન્યા હતા. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો ધ્રોલ તાલુકાના હરીપર ગામના રહેવાસી અને ઉપલેટા ખાતે નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરીમાં સેક્શન ઓફિસર તરીકે ફરજ બજાવતા હાર્દિકકુમાર ચનાભાઈ ભંડેરી સાથે ઓનલાઈન છેતરપિંડીનો બનાવ બન્યો હતો. અજાણ્યા શખ્સે તેમના મોબાઈલનો કોઈ બનાવટી એપ્લિકેશન મારફતે અથવા અન્ય રીતે પ્રવેશ મેળવી બેંક ખાતા તથા પાસવર્ડની માહિતી મેળવી બે અલગ-અલગ બેંક ખાતામાંથી કુલ રૂ.૩,૦૬,૯૬૯ ઉપાડી લીધા હતા. ફરિયાદી હાર્દિકકુમાર ભંડેરી પોતાની પત્ની સાથે તા.૨૩ ઓગસ્ટે હરીપર ગામથી ટ્રેન મારફતે મહારાષ્ટ્રના માથેરાન ખાતે ફરવા ગયા હતા. માથેરાન પહોંચ્યા બાદ ત્યાં મોબાઈલ નેટવર્કની સમસ્યા હોવાથી બીજા દિવસે સવારે ગુજરાત ભવન હોટલનું વાઈ-ફાઈ ચાલુ કર્યું હતું.

ત્યારબાદ દરમિયાન મિત્રને ઓનલાઈન પેમેન્ટ કરવાનું હોવાથી મોબાઈલમાં પોતાના એચડીએફસી બેંક ખાતાનું બેલેન્સ તપાસતાં ખાતામાંથી અલગ-અલગ યુપીઆઈ મારફતે રકમ ઉપડી ગયાનું ધ્યાનમાં આવ્યું હતું. તપાસ કરતાં એચડીએફસી બેંકના ખાતામાંથી રૂ.૫૭,૦૦૦, રૂ.૯૯,૯૯૯, રૂ.૧ લાખ અને રૂ.૧ લાખ મળી કુલ રૂ.૨,૫૯,૯૯૯ ઉપડી ગયા હતા. આ પછી ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકનું ખાતું તપાસતાં તેમાંથી પણ રૂ.૧,૩૦૦, રૂ.૮,૮૬૦ અને રૂ.૪,૯૬૧ મળી કુલ રૂ.૧૫,૨૨૧ ઉપડી ગયા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. ફરિયાદી દ્વારા સાયબર છેતરપિંડી થયાની જાણ થતાં તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ ઉપર સંપર્ક કરી બંને બેંક ખાતામાંથી ઉપડેલી રકમ અંગે ફરિયાદ કરવામાં આવી હતી. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.




બીજા બનાવમાં ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં ટેકનોલોજીના દુરુપયોગથી સામાન્ય નાગરિકોને ટાર્ગેટ બનાવવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. કલોલના યુવકના મોબાઈલ ઓટો અપડેટ થતા સાયબર ઠગોએ તબકકાવાર ૮૧ હજારની રકમ ખાતામાં ટ્રાન્સફર કરીને ગુગલ પે મારફતે ૯૫ હજાર ડેબિટ કરી લઈ ઠગાઈ આચરવામાં આવતા કલોલ શહેર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. કલોલની નવનીત એજ્યુકેશન કંપનીમાં નોકરી કરતા અને મૂળ પાટણના રાધનપુરના હીરાપુરા ગામના વતની ભાવેશપુરી બાબુપુરી ગૌસ્વામી નોકરીની જગ્યાએ હાજર હતા. આ દરમિયાન તેમણે પોતાનો મોબાઈલ ફોન ચાર્જિંગમાં મૂક્યો હતો.

ત્યારે અચાનક તેમનો ફોન ઓટો અપડેટ થવા લાગ્યો હતો. બાદમાં જોતજોતાંમાં ફોન હેક થઈ ગયાનું તેમને માલુમ પડ્યું હતું. જ્યારે તેમણે ફોન ચાલુ કરીને મેસેજ તપાસ્યા ત્યારે તેમને ખબર પડી કે આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની સારંગપુર અમદાવાદ બ્રાન્ચમાં આવેલા તેમના બચત ખાતા સાથે ચેડા થયા છે. તેમના ખાતામાં અગાઉ ૧૩,૭૦૪ રૂપિયા જમા હતા. કોઈ અજાણ્યા શખ્સો દ્વારા તેમના ગુગલ-પે એકાઉન્ટમાં વિવિધ શંકાસ્પદ ખાતાઓ જેમાં ઉમેશ ચંદ્ર, રવિ -સાદ અને શમરીન ફાતમા જેવા નામો મારફતે કુલ ૮૧,૫૯૦ રૂપિયા જમા કરાવવામાં આવ્યા હતા. આ રકમ કોણે અને શા માટે મોકલાવી છે તેની ભાવેશપુરીને કોઈ જ જાણ ન હતી અને તેઓ આમાંથી કોઈ પણ વ્યક્તિને ઓળખતા પણ નહોતા.

ત્યારબાદ તુરંત જ તેમના ગુગલ-પે એકાઉન્ટમાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ ૯૫ હજાર રૂપિયા ડેબિટ કરી લેવામાં આવ્યા હતા. જેમાં સુનીલ સિંહ નામના એકાઉન્ટમાં ૭૦ હજાર અને રામીમ પાન સ્ટોર નામના એકાઉન્ટમાં ૨૫ હજાર ટ્રાન્સફર થયા હોવાનું સામે આવ્યું હતું. આ મામલે ભોગ બનનાર યુવકે કલોલ શહેર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## કેસો નહિવત થતાં ૪૯ વર્ષ જૂની મ્યુનિસિપલ કોર્ટનું પાટીયું ઉતારી દેવા તૈયારી

# આર્થિક લીકેજ બંધ કરવાનો સાહસિક નિર્ણય

### ૧.૧૩ કરોડના વેડફાટ સામે 'રેડ સિગ્નલ' : મહત્વ વિનાના ખર્ચાઓ પર મનપા તંત્રની સર્જિકલ સ્ટ્રાઈક

રાજકોટ, તા. ૦૧

રાજકોટ મહાનગરપાલિકાના પ્રજાકીય નાણાંનો વ્યય અટકાવવા અને વહીવટી માળખાને વધુ તર્કસંગત બનાવવાની દિશામાં મનપા તંત્ર દ્વારા એક મોટો અને સાહસિક નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષો જૂની અને હવે સમય વિતવાની સાથે બિનઉપયોગી સાબિત થઈ રહેલી ખાસ મ્યુનિસિપલ કોર્ટને કાયમી ધોરણે બંધ કરી દેવા માટેની એક અત્યંત મહત્વપૂર્ણ દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. આગામી શનિવારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયાના અધ્યક્ષસ્થાને યોજાનારી ખાસ બેઠકના એજન્ડા પર રજૂ થનાર કુલ ૨૧ જેટલી વિવિધ દરખાસ્તો પૈકી વહીવટી સુધારણા અને આર્થિક બોજ ઘટાડવાના હેતુથી મુકાયેલી આ દરખાસ્ત સૌથી વધુ ચર્ચાસ્પદ અને મહત્વની માનવામાં આવી રહી છે.

વાસ્તવમાં, વર્ષ ૧૯૭૭માં જ્યારે આ ખાસ મ્યુનિસિપલ જુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (JMFC) કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી, ત્યારે તેનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરમાં ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ રોકવા તથા શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ હેઠળ નોંધાતા ગુનાઓ સામે ઝડપી કાનૂની કાર્યવાહી કરવાનો હતો. એ સમયે રાજ્ય સરકાર દ્વારા આ ખાસ કોર્ટના સંચાલન માટે એક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, એક સિનિયર ક્લાર્ક, બે જુનિયર ક્લાર્ક અને બે પટાવાળા સહિતના સ્ટાફનું માળખું મંજૂર કરવામાં આવ્યું હતું. સ્ટાફના પગાર-ભથ્થાંથી માંડીને કોર્ટ બિલ્ડિંગનું સમારકામ, નવીન ફર્નિચરની ખરીદી, સ્ટેશનરી, સફાઈ તેમજ વીજળી બિલ સહિતનો તમામ વહીવટી અને સંચાલન ખર્ચ રાજકોટ મહાનગરપાલિકાની તિજોરીમાંથી ઉઠાવવામાં આવતો હતો.



જોકે, સમય જતાં કાનૂની જોગવાઈઓમાં આવેલા વ્યાપક બદલાવને કારણે આ કોર્ટની ઉપયોગિતા પર પ્રશ્નાર્થ ચિહ્ન ખડા થઈ ગયા છે. ખાસ કરીને તારીખ ૪ ઓગસ્ટ ૨૦૧૧થી અમલમાં આવેલા નવા 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ-૨૦૦૬' બાદ ખાદ્ય પદાર્થોમાં ભેળસેળને લગતી સમગ્ર કાનૂની પ્રક્રિયાનું સ્વરૂપ જ બદલાઈ ગયું છે. નવા કાયદા હેઠળ હવે મોટાભાગના કેસોની સુનાવણી ફોજદારી કોર્ટના બદલે કલેક્ટર કચેરી હેઠળના એડજ્યુડિકેટિંગ ઓફિસર સમક્ષ ચલાવવામાં આવે છે. આ કારણે અદાલતોમાં ચાલતા જટિલ અને લાંબા ફોજદારી કેસોની સંખ્યામાં ભારે ઘટાડો થયો છે અને તેના સ્થાને મુખ્યત્વે સીધી દંડકીય કામગીરી જ વધી છે. હાલમાં માત્ર જૂના કેસોની સુનાવણી કે પ્રાથમિક પ્રક્રિયા જ આ કોર્ટમાં ચાલતી હોવાથી મ્યુનિસિપલ કોર્ટમાં કેસોનું ભારણ નહિવત જેવું થઈ ગયું છે.

બીજી તરફ, આ કોર્ટ અગાઉ મનપાના પોતાના મકાનમાં ચાલતી હતી તે ત્યાંથી મોચીબજાર સ્થિત સરકારી બિલ્ડિંગમાં સ્થળાંતરિત કરવામાં આવી છે, જ્યાં હવે મનપા સિવાયના અન્ય સામાન્ય કેસો પણ ચલાવવામાં આવે છે. આમ છતાં, આ સમગ્ર સેટઅપ પાછળ થતો વાર્ષિક રૂ. ૧.૧૩ કરોડ જેટલો જંગી ખર્ચ આજે પણ રાજકોટ મહાનગરપાલિકા જ ભોગવી રહી છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે મનપા કરોડો રૂપિયાનો આર્થિક બોજ ઉઠાવે છે પરંતુ કોર્ટ દ્વારા કરવામાં આવતી દંડની સમગ્ર આવક મનપાના ખાતામાં જવાના બદલે સીધી સરકારી ટ્રેઝરી ઓફિસમાં જમા થાય છે. આમ, એક તરફ કેસોની સંખ્યા સતત ઘટતી જાય છે અને બીજી તરફ દંડની આવક પણ મળતી નથી, છતાં મનપા પર વાર્ષિક સવા કરોડ જેટલા ખર્ચનું મોટું આર્થિક ભારણ સતત જળવાઈ રહ્યું છે.

આ બદલાયેલી કાયદાકીય સ્થિતિ, કેસોની નહિવત સંખ્યા અને મનપા પર પડતા બિનજરૂરી આર્થિક બોજને ગંભીરતાથી લઈને હવે આ મ્યુનિસિપલ કોર્ટને આખરી ઓપ આપી બંધ કરી દેવાની કવાયત હાથ ધરાઈ છે. આ મામલે સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત મંજૂર થયા બાદ તેને આખરી સંમતિ માટે મનપાની સામાન્ય સભા (બોર્ડ) સમક્ષ મૂકવામાં આવશે. સામાન્ય સભામાં લીલી ઝંડી મળ્યા બાદ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મ્યુનિસિપલ કોર્ટ બંધ કરવા અંગેની સત્તાવાર દરખાસ્ત આખરી મંજૂરી અર્થે રાજ્ય સરકારને સુપ્રત કરવામાં આવશે.

# રિયલ એસ્ટેટમાં 'મંદી' સપ્ટેમ્બરમાં નોંધણી ઘટી

### ઓગસ્ટની સરખામણીએ સપ્ટેમ્બરમાં ૧,૪૪૦ દસ્તાવેજો ઓછા નોંધાયા; મોરબી રોડ વિસ્તારમાં સૌથી વધુ ૨૭.૬૩% નો મોટો કડાકો

રાજકોટ, તા. ૧

રાજકોટ શહેર અને સમગ્ર જિલ્લાના રિયલ એસ્ટેટ ક્ષેત્ર પર પરંપરાગત ધાર્મિક માન્યતાઓ અને શ્રાદ્ધ પક્ષની સ્પષ્ટ અસર જોવા મળી છે. પિતૃપક્ષ દરમિયાન સામાન્ય રીતે નવા મિલકતના સોદા કે રજિસ્ટ્રેશન ટાળવાની લોકમાન્યતાને કારણે ગત સપ્ટેમ્બર માસ દરમિયાન મિલકતોના ખરીદ-વેચાણમાં નોંધપાત્ર મંદી નજરે પડી છે. જેના પરિણામે દર મહિને સરેરાશ ૧૩ થી ૧૪ હજાર દસ્તાવેજોની નોંધણી ધરાવતા રાજકોટ જિલ્લામાં દસ્તાવેજોનો આંકડો નીચે સરક્યો છે અને સરકારી તંત્રની આવકમાં પણ કરોડો રૂપિયાનું ગાબડું પડ્યું છે.

મળતી વિગતો અનુસાર, સપ્ટેમ્બર ૨૦૨૬ માસ દરમિયાન રાજકોટ શહેર અને જિલ્લામાં આવેલી તમામ સબ રજિસ્ટ્રાર કચેરીઓ ખાતે કુલ ૧૨,૫૨૪ મિલકતોના વેચાણ દસ્તાવેજોનું રજિસ્ટ્રેશન થયું છે. આ દસ્તાવેજ નોંધણી અને સ્ટેમ્પ ડ્યુટી પેટે રાજ્ય સરકારને રૂ. ૭૪.૪૧ કરોડથી વધુની આવક પ્રાપ્ત થઈ છે. દેખીતી રીતે આ આંકડો મોટો જણાય છે, પરંતુ ગત ઓગસ્ટ માસની તુલના કરવામાં આવે તો રિયલ એસ્ટેટ માર્કેટમાં મોટો ઘટાડો નોંધાયો છે. ઓગસ્ટ મહિનામાં સમગ્ર જિલ્લામાં કુલ ૧૪,૪૫૩ દસ્તાવેજો નોંધાયા હતા, જેની સામે સપ્ટેમ્બરમાં




૧,૪૪૦ દસ્તાવેજો ઓછા નોંધાયા છે. ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો રાજકોટ શહેરમાં મિલકતની લે-વેચમાં ૧૫ ટકા અને સમગ્ર જિલ્લા સ્તરે ૧૩ ટકાનો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

રાજકોટ શહેરમાં મિલકતોની રજિસ્ટ્રેશન કામગીરી માટે ૮ અને જિલ્લાના તાલુકા મથકોએ ૧૦ મળી કુલ ૧૮ સબ રજિસ્ટ્રાર કચેરીઓ કાર્યરત છે. શહેરી વિસ્તારની વાત કરીએ તો ઓગસ્ટ માસમાં શહેરમાં ૯,૮૨૧ દસ્તાવેજો થયા હતા, જે સપ્ટેમ્બરમાં ઘટીને ૭,૯૪૧ થઈ ગયા છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં મોરબી રોડ પર સૌથી વધુ ફટકો પડ્યો છે, જ્યાં સોદાઓમાં ૨૭.૬૩ ટકાનો (૭૦૧ દસ્તાવેજ) ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત રતનપર વિસ્તારમાં ૧૭.૬૦ ટકા (૧૬૬ દસ્તાવેજ), રૈયા વિસ્તારમાં ૧૭.૬૩ ટકા (૧૭૪ દસ્તાવેજ), મવડી વિસ્તારમાં ૧૩.૭૧ ટકા (૧૧૮ દસ્તાવેજ) અને કોઠારિયા વિસ્તારમાં ૪.૬૬ ટકા (૪૩ દસ્તાવેજ) નો ઘટાડો નોંધાયો છે.

આ સમગ્ર મંદીના માહોલ વચ્ચે રાજકોટ તાલુકામાં એક વિપરીત અને પ્રોત્સાહક ટ્રેન્ડ પણ સામે આવ્યો છે. રાજકોટ તાલુકા કચેરી હેઠળ માત્ર ખેતીની જમીનના દસ્તાવેજોની નોંધણી થતી હોય છે, જ્યાં સપ્ટેમ્બર માસમાં ૧૧.૭૧ ટકાનો વધારો નોંધાયો છે. આ આંકડા દર્શાવે છે કે શહેરી વિસ્તારમાં રહેણાંક કે કોમર્શિયલ મિલકતોના રજિસ્ટ્રેશનમાં ભલે બ્રેક લાગી હોય, પરંતુ રાજકોટ શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીની જમીનોમાં મોટાપાયે રોકાણ અને સોદાઓ થયા છે.

જિલ્લાના અન્ય તાલુકાઓની સ્થિતિ પર નજર કરીએ તો સપ્ટેમ્બર માસમાં ગોંડલ સબ રજિસ્ટ્રાર કચેરી ખાતે ૧,૦૬૭ દસ્તાવેજો નોંધાયા છે. આ સિવાય જેતપુરમાં ૬૩૮, લોધિકામાં ૬૦૫, કોટડાસાંગાણીમાં ૪૭૨, ઉપલેટામાં ૪૩૬, જસદણમાં ૩૭૧, ધોરાજીમાં ૨૮૦, પડધરીમાં ૨૧૧, વિંછીયામાં ૮૯ અને જામકંડોરણામાં ૮૭ દસ્તાવેજોની નોંધણી થઈ છે. શ્રાદ્ધ પક્ષ પૂર્ણ થતાંની સાથે જ હવે આગામી નોરતા અને દિવાળીના શુભ તહેવારો દરમિયાન રિયલ એસ્ટેટ ક્ષેત્રે ફરી નવા સોદાઓ અને રજિસ્ટ્રેશનની ધમધમાટ શરૂ થશે તેવી આશા સબ રજિસ્ટ્રાર કચેરીઓ અને બિલ્ડર આલમ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ગંદકી કરનારાઓની હવે ખેર નથી

# ન્યુસન્સ પોઈન્ટ દૂર કરવા CCTV કવરેજ

### નિયમ તોડનારા બનશે 'અસ્વચ્છતાના દૂત' : દંડ અને 'ગાંધીગીરી'થી જન આંદોલન ઊભું કરવાનો માસ્ટરપ્લાન

રાજકોટ, તા. ૦૧

રાજકોટ શહેરમાં ન્યુસન્સ પોઈન્ટ દૂર કરવાના મહાનગરપાલિકા દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં અનેક વિસ્તારોમાં નાગરિકોની ગંભીર બેદરકારી સામે આવી રહી છે. લોકો જાહેરમાં કચરો, એઠવાડ અને પ્લાસ્ટિક ફેંકીને શહેરની સુંદરતા અને સ્વચ્છતાને નુકસાન પહોંચાડી રહ્યા છે. આ જટિલ સમસ્યાના કાયમી અને જડબેસલાક ઉકેલ માટે રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ અત્યંત કડક પગલાં લેવાની સ્પષ્ટ તૈયારી દર્શાવી છે. મહાનગરપાલિકા દ્વારા હવે શહેરના જાણીતા ન્યુસન્સ પોઈન્ટ, રહેણાક સોસાયટીઓ તેમજ જાહેર મુખ્ય રસ્તાઓ પર સ્થાનિક નાગરિકોની સંમતિ મેળવીને સીસીટીવી કેમેરા ગોઠવવાનું આયોજન હાથ ધરાયું છે. આ સીસીટીવી કેમેરાની મદદથી જાહેરમાં કચરો કે એઠવાડ ફેંકતા બેદરકાર લોકોને તુરંત પકડી પાડવામાં આવશે અને તેમની સામે માત્ર દંડકીય કાર્યવાહી જ નહીં, પરંતુ સામાજિક રીતે પણ દાખલો બેસે તેવા પગલાં લેવાશે. ગંદકી કરતા ઝડપાયેલા લોકોને 'અસ્વચ્છતાના દૂત' ઘોષિત કરવામાં આવશે અને તેમના નામ, ફોટા તેમજ વાહન નંબર શહેરની મુખ્ય કઉઉ સ્ક્રીન પર જાહેર પ્રદર્શન માટે મૂકવામાં આવશે. આ ઉપરાંત પાન-માવાની પિચકારીઓ મારનાર કે વેફર્સ સહિતના નાસ્તાની પ્લાસ્ટિક કોથળીઓ રસ્તા પર ફેંકનારાઓને ઝડપીને પ્રથમ તબક્કે કાયદાકીય સમજાવટ અને ત્યારબાદ દંડ સહિતની કડક કાર્યવાહી કરવામાં આવશે. સાથોસાથ શહેરની વિવિધ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના સહયોગથી વ્યસનમુક્તિ અને સ્વચ્છતા અંગે લોકોને જાગૃત કરવાનો સઘન પ્રયાસ કરાશે.




શહેરમાંથી તમામ ન્યુસન્સ પોઈન્ટ સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે મહાપાલિકા દ્વારા અલગ-અલગ વ્યૂહાત્મક સ્થળોએ સીસીટીવી કેમેરા મુકાશે. આ યોજનાના અમલીકરણ માટે હાલ પ્રારંભિક તબક્કે શહેરના ૧૦ મુખ્ય ન્યુસન્સ પોઈન્ટ્સને પ્રાયોગિક (પાયલોટ) ધોરણે પસંદ કરવામાં આવ્યા છે. જો કોઈ પણ નાગરિક આ વિસ્તારોમાં જાહેરમાં કચરો નાખતાં કે ગંદકી કરતાં સીસીટીવી કેમેરામાં કેદ થશે, તો તેનો ફોટો મેળવીને તે જ ન્યુસન્સ પોઈન્ટ પર જાહેરમાં ચિપકાવી દેવામાં આવશે અને તેમને અધિકૃત રીતે 'અસ્વચ્છતાના દૂત' જાહેર કરવામાં આવશે. મહાનગરપાલિકાએ નાગરિકોને પણ આ ઝુંબેશમાં સીધા ભાગીદાર બનાવવાની ઓફર કરી છે; જો કોઈ નાગરિક પોતાના ઘર કે સોસાયટી પાસે થતી ગંદકી અટકાવવા માટે સીસીટીવી કેમેરા મુકવાની માગણી કરશે, તો મહાનગરપાલિકા સંપૂર્ણપણે પોતાના ખર્ચે જ કેમેરા ગોઠવી આપશે. આ સિવાય પણ શહેરના જે મુખ્ય માર્ગો કે જાહેર સ્થળો પર અગાઉથી જ સીસીટીવી કેમેરા કાર્યરત છે, તેનો ઉપયોગ પણ ગંદકી કરનારા તત્વોને ઓળખી કાઢવા માટે કરવામાં આવશે.

રાજકોટને સંપૂર્ણ કચરામુક્ત બનાવવાનું આ અભિયાન હવે કેવળ સરકારી કામગીરી ન રહેતાં એક વ્યાપક જન આંદોલનનું સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. આ યોજનાના ભાગરૂપે આગામી સપ્તાહથી શહેરના દરેક ઝોનમાં ડેપ્યુટી કમિશનર કક્ષાના ઉચ્ચ અધિકારીઓ અને સંબંધિત વિભાગીય અધિકારીઓની ટીમ રૂબરૂ વિસ્તારોમાં ઉતરશે. રાજકોટમાં પાન-મસાલા, ગુટખા અને નમકીન ખાવાની આદત ધરાવનારા નાગરિકોની સંખ્યા ખૂબ મોટા પ્રમાણમાં છે, જેના કારણે લોકો પાન-મસાલા કે નમકીન આરોગ્યા પછી તેના પ્લાસ્ટિક પાઉચ અને રેપર્સ ગમે ત્યાં રોડ-રસ્તા પર ફેંકી દે છે. આ 'મુવેબલ' કચરાનું પ્રમાણ ઝડપથી દૂર કરી શકાય તે માટે મહાપાલિકાના અધિકારીઓ પોતાની સાથે શહેરની વિવિધ સામાજિક, સેવાકીય અને ધાર્મિક સંસ્થાઓના વડાઓ, એન્જીઓ (NGO) તથા સ્થાનિક વેપારી એસોસિએશનોને સાંકળીને સ્વચ્છતાનું એક મોટું જન આંદોલન શરૂ કરવા જઈ રહ્યા છે.

આ અભિયાન હેઠળ મનપાના ઉચ્ચ અધિકારીઓ અને વિવિધ સંસ્થાઓના આગેવાનો નિયત કરેલા વિસ્તારોમાં દરરોજ ૨ થી ૩ કિલોમીટર જેટલું અંતર ક્લોકવાઈઝ પદ્ધતિથી પગપાળા કાપશે. આ મોનિટરિંગ દરમિયાન જ્યાં પણ રોડ-રસ્તા પર પાન-માવાના પ્લાસ્ટિક, પાઉચ કે નમકીનના રેપર્સ દેખાશે, તેને અધિકારીઓ અને આગેવાનો પોતે જાતે ઉપાડીને ડસ્ટબિનમાં નાખશે અને રસ્તાઓને કચરામુક્ત કરશે. આટલું જ નહીં, આ પગપાળા માર્ચ દરમિયાન જો કોઈ વ્યક્તિ જાહેરમાં પાન-મસાલા કે નમકીન ખાતી અને રસ્તા પર પ્લાસ્ટિક પાઉચ ફેંકતી નજરે પડશે, તો તેની સાથે કોઈ વિવાદ કે ઘર્ષણ કરવાને બદલે પૂર્ણપણે 'ગાંધીગીરી' અપનાવવામાં આવશે. અધિકારીઓ અને સંસ્થાના પ્રતિનિધિઓ તે નાગરિક પાસે જઈને તેમને વિનમ્રતાથી વ્યસન છોડવા, ગંદકી ન કરવા અને રાજકોટને સ્વચ્છ તથા સુંદર બનાવવાના આ મહાઅભિયાનનો સક્રિય હિસ્સો બનવા માટે ભાવુક અપીલ કરશે.

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સામાન્ય ચૂંટણીની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી

# શિક્ષણ સમિતિની બિનહરીફ રચના પૂર્ણ

### ૧૦૦થી વધુ શાળાઓના સુકાન માટે ભાજપમાં ચેરમેન પદની રેસ તેજ, મહિલા ચહેરાને તક મળવાની પ્રબળ શક્યતા

રાજકોટ, તા. ૦૧

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સામાન્ય ચૂંટણીની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી છે. ગઈકાલે ઉમેદવારી પત્રો ભરાયા બાદ આજે ચૂંટણી અધિકારી અને મેયર ડો. નેહલ શુક્લ દ્વારા હાથ ધરવામાં આવેલી ફોર્મ ચકાસણીની કામગીરી પૂર્ણ થતાં તમામ ૧૨ ઉમેદવારોના ફોર્મ માન્ય ઠર્યા છે. આ સાથે જ બપોરે નિર્વાચીન અધિકારી દ્વારા ભાજપના ૧૧ અને કોંગ્રેસના ૧ ઉમેદવાર મળી કુલ ૧૨ સભ્યોને સત્તાવાર રીતે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. પક્ષીય બળ અને કોર્પોરેટરોની સંખ્યાના આધારે જો મતદાન યોજાયું હોત તો આગામી ૨૧ ઓક્ટોબરે મતદાન થવાનું હતું, પરંતુ પક્ષો વચ્ચે સમય અને ચૂંટણી ખર્ચ બચાવવા અંગે બનેલી સહમતીના ભાગરૂપે નક્કી થયેલી સંખ્યા મુજબ જ ઉમેદવારી નોંધાવવામાં આવી હતી, જેના કારણે આ ચૂંટણી બિનહરીફ સંપન્ન થઈ છે.

હવે પછીની પ્રક્રિયામાં રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ સમિતિના સભ્યોની સત્તાવાર ગઝેટ નોટિફિકેશન બહાર પાડવામાં આવશે. શિક્ષણ સમિતિમાં કુલ ૧૫ સભ્યો હોય છે, જેમાંથી ૧૨ સભ્યો ચૂંટાયેલા હોય છે અને ૩ સભ્યો સરકાર નિયુક્ત હોય છે. રાજ્ય સરકારની નિયુક્તિ માટે રાજકોટ શહેર ભાજપ સંગઠન દ્વારા ડો. નરેન્દ્ર વિસાણી અને કુમારભાઈ શાહના નામોની ભલામણ મોકલી દેવાઈ છે, જ્યારે એક બેઠક પર ગેઝેટેડ ઓફિસરની નિયુક્તિ સરકાર કક્ષાએથી કરવામાં આવશે. સરકાર તરફથી તમામ ૧૫ સભ્યોના નામનું વિધિવત જાહેરનામું બહાર પડ્યા બાદ નવનિયુક્ત સભ્યોની પ્રથમ બેઠક બોલાવવામાં આવશે, જેમાં સમિતિના મુખ્ય બે પદો એટલે કે ચેરમેન અને વાઈસ




ચેરમેનની વરણી અંગેની સત્તાવાર આખરી પ્રક્રિયા હાથ ધરાશે.

શિક્ષણ સમિતિના માળખામાં સ્ટેન્ડિંગ કમિટીની જેમ જ સભ્યો દ્વારા ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી કરવામાં આવતી હોય છે, પરંતુ ભાજપની રાજકીય પરંપરા મુજબ પ્રદેશ મોવડીમંડળ દ્વારા જ નામનું બંધ પરબિડીયું એટલે કે મેન્ડેટ મોકલવામાં આવશે. ભાજપે આ વખતે ૧૧ સભ્યોની પસંદગીમાં મોટાભાગે નવોદિત અને સંગઠનના પાયાના કાર્યકરોને તક આપી છે. ખાસ કરીને વોર્ડ નંબર ૩ અને ૮માંથી બબ્બે કાર્યકરો તેમજ વોર્ડ નંબર ૫, ૬, ૭, ૯, ૧૦ અને ૧૨માંથી એક-એક કાર્યકરની પસંદગી કરવામાં આવી છે. જે રીતે સભ્યોની પસંદગીમાં નવા ચહેરાઓને સ્થાન મળ્યું છે તે જોતાં ચેરમેન પદ માટે પણ કોઈ નવોદિત ચહેરાને જ કમાન સોંપાય તેવી પક્ષના વર્તુળોમાં પ્રબળ ચર્ચા છે.

શહેરની ૧૦૦થી વધુ પ્રાથમિક શાળાઓ અને હજારો વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યનો વહીવટ સંભાળવા માટે ચેરમેન પદના મુખ્ય દાવેદારો તરીકે હાલ હરેશભાઈ કાનાણી, કપિલ નથવાણી, પ્રવીણ ચાવડા અને યોગરાજસિંહ જાડેજાના નામો ચર્ચાના મોખરે છે. જોકે, ગત ટર્મ દરમિયાન શિક્ષણ સમિતિના પદાધિકારીઓમાં એક પણ મહિલા સભ્યનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. આ બાબતને ધ્યાનમાં રાખીને પક્ષ દ્વારા આ વખતે મહિલા પ્રતિનિધિત્વને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે તેવી પૂરી શક્યતા સેવાઈ રહી છે. જો ભાજપ હાઈકમાન્ડ મહિલા સશક્તિકરણનો સંદેશ આપવા માંગશે તો ચેરમેન અથવા વાઈસ ચેરમેન પૈકીના એક મહત્વના પદ પર મહિલા સભ્યની બિનહરીફ વરણી કરીને ૧૦૦ શાળાઓના સંચાલનની જવાબદારી સોંપવામાં આવી શકે છે.